dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 123 | AD - 2025, Maha Sud- 09 | Thursday, Dt.06-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી, મુખ્યમંત્રી આતિશી સહિતના દિગ્ગજ નેતાઓએ મતદાન કર્યું

# દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૫૮% મતદાન

નવીદિલ્હી,તા.૫

દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યું હતું. ૬ વાગ્યા સુધી જે મતદારો મતદાન મથકોની અંદર લાઇનમાં ઉભા હતાં તેમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. મતદાન શરૂ થતાં જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. યુવાનોથી લઈને વૃદ્ધો અને દિવ્યાંગો સુધી, મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યા હતાં. મતદારોએ ૬૯૯ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ કર્યું હતું. મતદાન માટે ૧૩,૭૬૬ મતદાન મથકો પર સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થયું હતું. સાંજના પાંચ વાગ્યા સુધી ૫૮ ટકા મતદાન થયું હતું. મુસ્તફાબાદ બેઠક પર સૌથી વધુ ૬૬.૬૫ ટકા મતદાન થયું હતું. મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારોની ૧૧ બેઠકો પર ભારે મતદાન થયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વિદેશ મંત્રી એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને મુખ્યમંત્રી આતિશી બુધવારે સવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રારંભિક મતદારોમાં હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડો. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલય, રાષ્ટ્રપતિ એસ્ટેટ ખાતે પોતાનો મત આપ્યો હતો. કાલકાજી વિધાનસભા બેઠક પરથી કૉંગ્રેસના ઉમેદવાર અલકા લાંબાએ પણ મતદાન કર્યું હતું. કેન્દ્રીય




પ્રધાન હરદીપ સિંહ પુરી અને તેમની પત્ની લક્ષ્મી પુરીએ ગ્રીન પાર્ક સ્થિત મતદાન મથક પર મતદાન કર્યા પછી તેમની શાહીવાળી આંગળીઓ બતાવી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અને આપ નેતા આતિશીએ નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો હતો. નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માએ તેમના પરિવાર સાથે નિર્માણ ભવન સ્થિત મતદાન કેન્દ્ર પર દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કર્યું હતું. કૉંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કર્યું હતું. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે બુધવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં વહેલી સવારે પોતાનો મત આપ્યો હતો. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ પત્ની સાથે પોતાનો મત આપ્યો હતો. દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને તેમની પત્નીએ પટપરગંજ વિધાનસભા મતવિસ્તાર હેઠળના મયુર વિહાર ફેઝ ૧ માં સ્થિત મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો હતો. નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રના કૉંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતે પણ વહેલી સવારે મતદાન કર્યું હતું. દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ તેમની પત્ની સાથે મતદાન કર્યું હતું. આ દરમિયાન તેણે પોતાની આંગળી પર શાહીનું નિશાન પણ બતાવ્યું હતું. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ પોતાના સમગ્ર પરિવાર સાથે મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચ્યા હતાં. કેજરીવાલ પોતાના માતા-પિતાને વ્હીલચેરમાં બેસાડીને ઘરેથી નીકળ્યા હતાં. મતદાન કર્યા પછી કેજરીવાલે મીડિયાકર્મીઓ સાથે વાત કરી અને દિલ્હીના લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી.

# નરેન્દ્ર મોદીએ અનોખી સ્ટાઈલમાં ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી

(એચ.એસ.એલ),પ્રયાગરાજ,તા.૫

હિન્દુ કેલેન્ડર મુજબ, આ વર્ષે ૫ ફેબ્રુઆરીએ માઘ મહિનાની ગુપ્ત નવરાત્રીની અષ્ટમી હતી. આ દિવસનું ધાર્મિક મહત્વ ખૂબ જ ખાસ માનવામાં આવે છે, કારણ કે તે ધ્યાન, તપસ્યા અને સાધના માટે અત્યંત શુભ તિથિ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ આ દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરે છે અને ધ્યાન કરે છે, તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે. દરમિયાન, ભગવા વસ્ત્રો પહેરીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી હતી. આ પછી તેમણે માતા ગંગાની



પૂજા કરી હતી. ત્રિવેણી સંગમમાં, પ્રધાનમંત્રીએ રુદ્રાક્ષની માળા પહેરી, સ્નાન કર્યું હતું અને મંત્રોના સંપૂર્ણ જાપ સાથે પરિક્રમા કરી હતી.

પીએમ મોદીની આ સ્ટાઈલની ખાસ વાત એ છે કે તેમણે હિમાચલી ટોપી પહેરી હતી. ગ્રે રંગમાં ડિઝાઈન કરાયેલ, આ ટોપીમાં લાલ પટ્ટી હતી જેના પર વિવિધ રંગોના દોરા વડે દોરાનું સુંદર કામ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પીએમના ગળામાં નારંગી શાલ એક આધ્યાત્મિક તત્વ ઉમેરતી હતી. જેની બોર્ડર સોનેરી ફૂલોના ભરતકામથી શણગારેલી હતી. બોર્ડર પર લીલા રંગની ભાત પાડવામાં આવી હતી, તેથી શાલનું રંગ મિશ્રણ તેની સુંદરતામાં વધારો કરી રહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પરિચિત શૈલી વિશે વાત કરીએ તો, તેઓ મોટાભાગે કુર્તા-પાયજામા અને હાફ-કોર્ટ પહેરેલા જોવા મળે છે. જોકે, પીએમ મોદી ઘણા ખાસ પ્રસંગોએ અલગ જ લુકમાં જોવા મળે છે. મહાકુંભમાં પણ તેમનો અલગ ડ્રેસિંગ અંદાજ જોવા મળ્યો. જેના કારણે તે રોજિંદા જીવનથી અલગ દેખાઈ રહ્યા હતા અને તેના કારણે તેની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે.

# પીએમ મોદીએ ધારાસભ્યો અને સાંસદોની સત્તા છીનવી લીધી છે : રાહુલ ગાંધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધી એક દિવસની મુલાકાતે પટના આવ્યા હતા. ૧૯ દિવસમાં રાહુલ ગાંધી બીજી વખત પટના પહોંચ્યા છે. તેમણે સ્વાતંત્ર્ય સેનાની જગલાલ ચૌધરીની જન્મ જયંતીની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી હતી. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે, ભારતના સત્તા માળખામાં તમારી ભાગીદારી શું છે, પછી ભલે તે શિક્ષણ હોય, આરોગ્ય હોય, કોર્પોરેટ હોય, વ્યવસાય હોય કે ન્યાયતંત્ર હોય? દલિતોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું



છે, પરંતુ જો સત્તા માળખામાં ભાગીદારી ન હોય તો તેનો કોઈ અર્થ નથી. જો સ્ટેજની પાછળ નિર્ણયો લેવામાં આવે તો તમને સ્ટેજ પર બેસાડવાનો કોઈ અર્થ નથી. આજે અલગ-અલગ જાતિના લોકોને ટિકિટ આપવાની ફેશન બની ગઈ છે, પીએમ મોદી પણ એ જ કરે છે. પણ પછી, તેમણે (પીએમ મોદી) ધારાસભ્યોની સત્તા છીનવી લીધી. લોકસભાના સાંસદોની પણ સત્તા છીનવી લેવામાં આવી છે. નિર્ણય લેવાની કોઈ શક્તિ નથી. તમને મંત્રી બનાવ્યા પણ ઓએસડી આરએસએસના છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી પટના એરપોર્ટ પહોંચ્યા હતા. અહીંથી તેઓ સીધા કોંગ્રેસના ધારાસભ્ય શકીલ અહેમદ ખાનના ઘરે પહોંચ્યા હતા. તેઓએ ધારાસભ્ય ખાનને મળી સંવેદના વ્યક્ત કરી હતી. તેમના દીકરાનું બે દિવસ પહેલા જ અવસાન થયું હતું. આ પહેલા તેઓ ૧૮ જાન્યુઆરીએ બંધારણ સુરક્ષા પરિષદમાં ભાગ લેવા પટના આવ્યા હતા. તેમણે બિહાર પ્રદેશ કોંગ્રેસના કાર્યાલય, સદાકત આશ્રમની પણ મુલાકાત લીધી હતી.




# મહારાષ્ટ્રમાં જેમની પાસે કાર છે તેમને લાડલી બહેન યોજનાનો લાભ નહિ મળે : મુખ્યમંત્રી ફડણવીસ

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રમાં, ફડણવીસ સરકાર લાડલી બહેન યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપી રહી છે. આ યોજનાથી મહિલાઓની આર્થિક સ્થિતિ મજબૂત થઈ છે. પરંતુ આ યોજના હેઠળ એક મોટી વાત કહેવામાં આવી છે જે મુજબ જે મહિલાઓ પાસે કાર છે તેમને લાડલી બહેન યોજનાનો લાભ નહીં મળે. તમને જણાવી દઈએ કે લાડલી બહેન યોજના ગયા વર્ષે ઓગસ્ટમાં એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની પાછલી સરકારે શરૂ કરી હતી. આ અંતર્ગત, પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. લોકસભા ચૂંટણીના પરિણામો પછી, એવું કહેવામાં આવી રહ્યું હતું કે નવેમ્બર ૨૦૨૪ માં યોજાયેલી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં શાસક ગઠબંધન મહાયુતિની જીતમાં આ યોજનાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.



લાડલી બહેન યોજના માટે પાત્રતા શું છે?

મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાડલી બહેન યોજના માટે કેટલીક પાત્રતા (શરૂઆતથી) નક્કી કરવામાં આવી છે, જેમાં લાડલી બહેન યોજનાનો લાભ ફક્ત મહારાષ્ટ્રમાં રહેતી મહિલાઓને જ મળે છે. આ યોજના હેઠળ લાભ મેળવવા માટે ફક્ત તે મહિલાઓ જ પાત્ર બનશે જેમની ઉંમર ૨૧ થી ૬૫ વર્ષની વચ્ચે છે, આ યોજનાનો લાભ મેળવવા માટે, મહિલાના પરિવારની આવક ૨.૫ લાખ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ, જો મહિલાના પરિવાર પાસે ટ્રેક્ટર કે ફોરવ્હીલ હોય, તો મહિલાને યોજનાનો લાભ આપવામાં આવશે નહીં, લાડલી બહેન યોજના હેઠળ, પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલી, ત્યજી દેવાયેલી અને નિરાધાર મહિલાઓને આ યોજનાનો લાભ મળે છે, જો મહિલાના પરિવારનો કોઈ વ્યક્તિ આવકવેરો ભરે છે, તો તે મહિલાને યોજનાનો લાભ મળશે નહીં.









## અનેકવાર રજૂઆતો કરવા છતાં નગરપાલિકા તંત્રનું લોલમલોલ

# ચલાલા શાકમાર્કેટમાં ગંધાતી ગટરના ગંદા પાણીની નદી વહી

ચલાલા, તા.૦૫

ચલાલા શાકમાર્કેટમાં ગંધાતી ગટરના ગંદા પાણી વહેવાના કારણે લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. ચાલીસ હજારની વસતી ધરાવતા ચલાલા શહેરના લોકોને શાકભાજી, ફળ, ફૂલ સહિતની ખરીદી કરવા માટે દરરોજ આ ગટરના પાણીમાંથી પસાર થવું પડે છે. આ ઉપરાંત સિનિયર સિટીઝનો અને બહેનોને આ વિસ્તારમાંથી પસાર થતી વખતે ભારે યાતનાઓ ભોગવવી પડે છે. ઘણી વખત વાહનચાલકો પસાર થતાં હોય ત્યારે રસ્તાની બંને સાઈડ પર ખરીદી કરી રહેલા લોકોના કપડાં ખરાબ થયા હોવાના પણ કિસ્સાઓ



તસવીર : પ્રકાશ કારીયા

બનવા પામે છે. જેનાં કારણે રાહદારીઓ અને વાહનચાલકો વચ્ચે તકરાર પણ થાય છે. આ અંગે શાકમાર્કેટમાં આવેલ શાકભાજી અને ફળ, ફૂલ સહિતના વેપારીઓએ જણાવ્યું છે કે, ઉભરાતી ગટરના પ્રશ્ને અનેક વખત નગરપાલિકામાં રજૂઆતો કરી છે. તેમ છતાં પણ પાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં છે. જેના કારણે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. પાલિકા તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે દુર્ગંધયુક્ત પાણી બંધ કરવામાં આવે જેથી સ્થાનિક નગરજનોની સમસ્યાઓ દૂર થાય તેમ છે. જોકે હાલમાં પાલિકા તંત્ર ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત હોય શહેરીજનોને નવા ચૂંટાયેલા પ્રતિનિધીઓ જ આ સમસ્યામાંથી મુક્ત કરાવશે કે પાલિકા તંત્ર સફાળુ જાગી તુરંત જ કાર્યવાહી હાથ ધરશે તે જોવું રહ્યું.

# અમરેલીના હરીપુરા ગામેથી ખેડૂતનો મોબાઈલ ચોરાયો

**અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૫

અમરેલીના હરીપુરા ગામે રહેતા અને ખેતી કામ કરતા પ્રકાશભાઈ બચુભાઈ કોટડીયાએ જાહેર કર્યા મુજબ તેઓ વાડીએથી ઘરે જતા હતા ત્યારે તેમના ખિસ્સામાંથી કયાંક રસ્તામાં મોબાઈલ પડી ગયો હતો. જે મોબાઈલની અજાણી વ્યક્તિ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે મોબાઈલની કિંમત રૂા. ૧૬,૫૦૦ જાહેર થઈ હતી. જે અંગે ફરિયાદ નોંધાવતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં ઝેરી દવાની અસરવાળા યુવાનનો ચમત્કારિક બચાવ

કુંકાવવા,તા.૦૫

કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામના ૧૮ વર્ષીય યુવક સંજયભાઈ ભુરિયાને ઝેરી દવાની અસરથી અત્યંત ગંભીર હાલતમાં અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યો હતો. મેડિસિન વિભાગના એમ.ડી. ફિઝિશિયન ડૉ. વિજય વાળાએ તેમની ગંભીર સ્થિતિને



જોતાં તાત્કાલિક ICU વિભાગમાં વેન્ટિલેટર પર રાખ્યો હતો. સારવાર દરમિયાન ઝેરી દવાની અસરથી તેમને શ્વાસની ગંભીર તકલીફ (ARDS) થતાં રેસ્પિરેટરી વિભાગના ફેફસાના નિષ્ણાત ડૉ. હિમ પરીખે બ્રોન્કોસ્કોપી દ્વારા કફ દૂર કરવાની સારવાર આપી હતી. હોસ્પિટલના નિષ્ણાત તબીબો, ICU વિભાગના નર્સિંગ સ્ટાફની લગભગ એક મહિનાની સઘન સારવાર બાદ યુવાનને નવજીવન મળ્યું હતું. દર્દી અને તેમના સ્વજનોએ સફળ સારવાર બદલ તમામ મેડિકલ સ્ટાફનો આભાર માની ખુશી વ્યક્ત કરી હતી.

# અમરેલીના સ્વામિનારાયણ મંદિર પાસે ગંદકીના ગંજ જામ્યા : ભાવિકોમાં રોષ

અમરેલી, તા.૦૫

અમરેલીમાં માર્ગ પર તો ગંદકીના ઢગ ખડકી દેવામાં આવતા હતા પરંતુ હવે ધાર્મિક સ્થળો સામે પણ ગંદકી થવા લાગી છે. અમરેલીના પાણી દરવાજા પાસે આવેલ સ્વામિનારાયણ મંદિર સામે જ સફાઈનો અભાવ જોવા મળે છે. જેના કારણે શહેરના લોકોમાં પાલિકા સામે રોષ ફેલાયો છે.



અમરેલીમાં આવેલ જુદા જુદા માર્ગો પર સફાઈનો અભાવ જોવા મળતા કચરાનાં ગંજ ખડકાયા છે. અમરેલીના પાણી દરવાજા નજીક સ્વામિનારાયણ મંદિર સામે કચરો ઠાલવવાના કન્ટેનરની કોઈ વ્યવસ્થા નથી અને કચરો જાહેરમાં ઠલવાતા ગંદકીના ગંજ અને રેઢિયાળ પશુઓનો જમાવડો જોવા મળે છે. અહીં ખુલ્લી ગટરો પણ આવેલી છે. જેથી ભાવિકોમાં રોષ ફેલાયો છે. આ ગટર અને કચરાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધે અને લોકોના આરોગ્ય પર અસર થાય તે પહેલા પાલિકા દ્વારા નિયમિત સાફ સફાઈ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# સાવરકુંડલામાં સાયબર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલાની જેવી મોદી સ્કૂલમાં આજે સાયબર ક્રાઈમ જાગૃતિ અંતર્ગત ગુજરાત સાયબર સેલ અને સી.આઈ.ડી. ક્રાઈમ વોલેન્ટિયર દિવ્યેશભાઈ જયાણી અને સાવરકુંડલા પોલીસ ઓફિસર દ્વારા સાયબર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

# ગાવડકા ખાતે અન્નકૂટ પ્રસાદનું આયોજન કરાયું

બાબાપુર, તા.૦૫

ખોડીયાર જયંતી નિમિત્તે ગાવડકામાં ચૌહાણ પરિવારના કુળદેવી ખોડિયાર માતાજીના મઢે ૧૦૮ પ્રકારનો અન્નકૂટ પ્રસાદ ધરવામાં આવ્યો હતો. જેમાં મોટી



તસવીર :હસુભાઈ રાવલ

સંખ્યામાં તેમના પરિવારજનોએ હાજરી આપી દર્શનનો લાભ લીધો હતો અને અન્નકૂટના દર્શન કર્યા હતા.

# જીટીયુની M.C.A. Sem.-III ની પરીક્ષામાં કાકડીયા મહિલા કોલેજની ઝળહળતી સફળતા

અમરેલી,તા.૦૫

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા લેવાયેલી MCA સેમ-૩ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ગજેરા કેમ્પસની કાકડીયા એમસીએ મહિલા કોલેજની પાંચ વિદ્યાર્થિનીઓએ પ્રથમ દસમાં સ્થાન મેળવ્યું હતું. જેમાં ચોડવડીયા શિવાની જે. યુનિ. ફર્સ્ટ - SPI - ૧૦, વોરા નિધી બી. યુનિ. સેકન્ડ



-SPI - ૧૦, ગાબાણી પ્રિયા જે. યુનિ. થર્ડ - SPI-૯.૮૩, વિરડીયા ક્રિષ્ના એચ. યુનિ. ફોર્થ - SPI-૯.૮૩, માંગુકીયા આર્શી એસ. યુનિ. નાઈન્થ - SPI-૯.૬૧નો સમાવેશ થાય છે. આ પાંચેય વિદ્યાર્થિનીઓને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

# સાવરકુંડલામાં એમ.એલ.શેઠ સ્કૂલ કેમ્પસમાં નવા બિલ્ડિંગનું ભૂમિપૂજન

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા ખાતે આવેલ શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર સંચાલિત એમ.એલ. શેઠ સ્કૂલ ગુજરાતી માધ્યમ શાળાના નવા બિલ્ડીંગનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના પ્રબુદ્ધ નાગરિકો સમેત સંસ્થાના ટ્રસ્ટીગણની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. ભૂમિપૂજન



દાતા બાદલભાઈ સુભાષભાઈ દોશી, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ડો. શેઠ, ગુણવંતભાઈ ત્રિવેદી સમેત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉલ્લાસભર્યા પ્રસંગે નવા બિલ્ડિંગના દાતાઓ, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ, ટ્રસ્ટીગણ, ટ્રસ્ટી મંડળના માનનીય સભ્યો, સાવરકુંડલાના જ્ઞાતિ અગ્રણીઓ તથા શાળાના શિક્ષકવૃંદ અને સ્ટાફના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યસરકારની મગફળી ખરીદ યોજનામાં સમય વધારવા ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆત

**નોંધાયેલા ખેડૂતોને અન્યાય ન થાય તે માટે મુખ્યમંત્રીને રજૂઆત**

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર લખીને ટેકાના ભાવે મગફળીની ખરીદી માટેની સમયમર્યાદા વધારવાની માંગણી કરી છે. ધારાસભ્યએ જણાવ્યું કે તેમની પાસે અનેક ખેડૂતોની રજૂઆતો આવી છે કે જેમણે મગફળી વેચાણ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, પરંતુ હજુ સુધી તેમની મગફળીની ખરીદી થઈ શકી નથી. આ પરિસ્થિતિમાં નોંધાયેલા તમામ ખેડૂતોને ન્યાય



મળે તે માટે સરકારે મગફળી ખરીદીની સમયમર્યાદા વધારવી જોઈએ. હાલમાં મગફળીના ભાવ ટેકાના ભાવ કરતાં ખૂબ નીચા હોય એક વખત સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી બંધ કરવામાં આવશે તો ખેડૂતોને મોટાપાયે નુકસાન થવાની શકયતા છે. જેથી નોંધણી કરાવેલા તમામ ખેડૂતોની મગફળી ખરીદાય ત્યાં સુધી ખરીદી શરૂ રાખવા માંગ કરી છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## છેલ્લા પંદર દિવસથી દૂષિત પાણી વહી રહ્યું હોય તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી નહી

# ફતેપુર પાસે ઠેબી નદીમાં ફીણવાળું અને લાલ કલરનું દૂષિત પાણી : આરોગ્ય પર ખતરો

અમરેલી, તા.૦૫

અમરેલી તાલુકાના ફતેપુર ગામ પાસે પસાર થતી ઠેબી નદીમાં છેલ્લા કેટલાય દિવસથી દૂષિત પાણી વહી રહ્યું છે. જેનાં કારણે કિનારે વસતા ગામ લોકોનાં આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે. છેલ્લા ઘણા સમયથી આ દૂષિત પાણીના કારણે નદી પર બાંધવામાં આવેલા ચેકડેમોના પાણી પણ બગડ્યા છે. દૂષિત પાણી ફીણવાળું અને લાલ કલરનું છે. જેને કારણે પાણીમાં રહેલા જીવ સૃષ્ટી સામે પણ પડકાર ઉભો થયો છે. આ અંગે સ્થાનિકોએ જણાવ્યું છે કે, લાલ પાણીનાં કારણે જમીનના તળ ખરાબ થાય છે અને ખેતરોનાં પાક





પણ દૂષિત થાય છે. તેમજ આ પાણી પશુઓ પણ પી શકતાં નથી. આજુબાજુના ફતેપુર, ચાંપાથળ સહિતના કિનારાના ગામમાં લાલ અને ફીણવાળા દૂષિત પાણીના કારણે લોકોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે અને રોગચાળો વકરવાની ભીતિ સેવાઈ રહી છે. હાલ તો આ લાલ અને ફીણવાળુ દૂષિત પાણી કયાંથી આવે છે તે જાણવા મળ્યું નથી. આ અંગે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં આવે તેવી આ વિસ્તારના લોકોએ માંગ કરી છે. આ ઉપરાંત ફતેપુર ખાતે વિશ્વ વિખ્યાત સંત ભોજલરામબાપાનું મંદિર પણ આવેલ હોય આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ભક્તગણો આવતા હોય તેમના આરોગ્ય સામે દૂષિત પાણીથી ખતરો ઉભો થયો છે.

**લાલ પાણીનાં કારણે જમીનનાં તળ ખરાબ થાય છે અને પાક પણ દૂષિત થાય છે**

**નદી કિનારે આવેલા ગામોમાં રોગચાળો ફેલાવાની ભીતિ**

## મોટી કુંકાવાવ શ્રી તુલજા ભવાની મઢ ખાતે શ્રી રૂદ્રચંડી યજ્ઞ યોજાશે

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ શ્રી તુલજા ભવાની મઢ ખાતે શ્રી રૂદ્રચંડી યજ્ઞ યોજાશે. સમસ્ત સોની લુહાર પરિવારના કુળદેવીશ્રી તુલજા ભવાની માતાજીની પ્રસન્નતા અને કુપાપ્રાપ્તિ માટે યોજાનાર આ યજ્ઞ તા.૦૯-૦૨ને રવિવારના રોજ શ્રી તુલજા ભવાની સ્થાનક, રામજી મંદિર પાસે, મોટી કુંકાવાવ ખાતે યોજાશે. જેમાં તા.૦૮-૦૨ને શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે હેમાદ્રી પ્રાયશ્ચીત દશવિધ્ધિ સ્નાન, સવારે ૧૦:૦૦થી ૧૨:૦૦ કલાકે સ્થાપીત દેવપૂજન, બપોરે ૨:૩૦થી ૫:૩૦ ગ્રહશાંતિ તેમજ હોમાત્મક કાર્ય સાંજે ૫:૩૦થી ૬:૧૫ આરતી સમાપન યોજાશે. જ્યારે ૦૯-૦૨ને રવિવારે બપોરે રૂદ્રચંડી યજ્ઞ યોજાશે. માતાજીના ધાર્મિક પ્રસંગે સમસ્ત સોની લુહાર પરિવારને પધારવા જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

## ગુજરાતનાં બુથ લેવલ ઓફિસરોનું માનદ વેતન વધારવા રાજય ચૂંટણી પંચ સમક્ષ માંગ

બગસરા તા.૦૫

હાલ ગુજરાત રાજયમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે રાજય ચૂંટણી પંચ દ્વારા દરેક બુથ પર એક બુથ લેવલ ઓફિસરની પોસ્ટ ઉભી કરવામાં આવે છે. અને તેમની પાસેથી ચૂંટણીલક્ષી કામગીરી જેવી કે મતદારોનાં ફોર્મ બી.એલ. ઓ. એપમાં ઓનલાઈન ભરી મતદાર યાદી અદ્યતન બનાવવી, હાઉસ ટુ હાઉસ ઓનલાઈન સર્વે કરાવવો, ચૂંટણી દમિયાન ઘેર ઘેર સ્લીપ વિતરણ કરવું, બુથ ઉપર મતદાર સહાયતા બુથમાં ફરજ બજાવવી વગેરે વર્ષ દરમિયાન કરાવવામાં આવતી હોય છે. આ માટે તેમને માસિક રૂા. પાંચસોનું વેતન આપવામાં આવે છે. મોંઘવારીને ધ્યાને લઈએ તો આ માનદ વેતન વધારાતું નથી અને પ્રાપ્ત રજાઓ આપવામાં પણ વિલંબ થાય છે જેથી ગુજરાત રાજયનાં બી.એલ. ઓ.ની હાલત કફોડી બની છે. છેલ્લાં ઘણાં વર્ષોથી રાજય ચૂંટણી પંચ દ્વારા આ માનદ વેતનમાં કોઈ પણ પ્રકારનો વધારો કરાયો નથી. અને સંકલનનાં અભાવે બી.એલ.ઓને માનદ વેતન અને પ્રાપ્ત રજાઓ આપવાનો રાજ્ય સરકારનો પરિપત્ર હોવા છતાં જે તે સરકારી વિભાગોમાંથી રજા આપવા બાબતે આદેશોનું અલગ- અલગ અર્થઘટન કરી રજાઓ આપવામાં ખૂબ જ વિલંબ થાય છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બી.એલ.ઓ.નું માનદ વેતન, તથા ઈન્ટરનેટ ભથ્થું, હાઉસ ટુ હાઉસ ભથ્થું, મિટિંગ ભથ્થું, સ્લીપ વિતરણ ભથ્થું વગેરેના દરોમાં સત્વરે વધારો કરાય તથા બી.એલ.ઓ.ને મળવા પાત્ર વળતર અને પ્રાપ્ત રજાઓના આદેશો સીધા રાજ્ય કક્ષાએથી જ જે તે વિભાગને કરાય અને રજાઓ સીધી જ તેમના ખાતામાં જમા કરાય તેવી માગણી ગુજરાત રાજયના બુથ લેવલ ઓફિસરોમાં બુલંદ બની છે.

## ખાંભા તાલુકાના રબારીકા ગામે કેરિયર કાઉન્સેલિંગ કાર્યક્રમ યોજાયો

ખાંભા, તા.૦૫

રબારીકાની ગાંધી વિદ્યાલય ખાતે મંગળવારે કેરિયર કાઉન્સેલિંગનો કાર્યક્રમ "ડીપસીક : હું નક્કી કરીશ મારી કારકિર્દી" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સર્વોદય સરસ્વતી મંદિર-બાબાપુર સંચાલિત જનતા વિદ્યાલય, તાતણીયાના આચાર્ય અને મોટીવેશનલ સ્પીકર ધર્મેન્દ્રભાઈ કનાલાએ બાળકોને ધોરણ ૧૦ અને ૧૨ પછી કારકિર્દી કેમ બનાવવી તેના અંગે ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ખાંભાની જે.એન. મહેતા સ્કૂલના પ્રિન્સિપાલ સતાસિયા તથા ખાંભા આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ સરવૈયાએ પણ વક્તવ્ય આપેલ. આ તકે રબારીકા કેળવણી મંડળના નવનિયુક્ત પ્રમુખ અશ્વિનભાઈ, બી.આર.સી. નીલેશભાઈ ઉનાગર, ગાંધી વિદ્યાલયના આચાર્યા મનીષાબેન, પ્રાથમિક શાળાના સ્ટાફ, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

## અવસાન નોંધ

**ધોરાજી**

મુકેશભાઈ નાથાલાલ પોપટ (ઉ.વ.૬૭) તે સ્વ.નાથાલાલ પોપટલાલ પોપટના પુત્ર તથા ડાયાભાઈ, દિલિપભાઈના ભાઈ, સંદીપભાઈના કાકાનું તા.૦૪/૦૨/૨૦૨૫ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૦૬/૦૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૦૪:૦૦થી ૦૫:૦૦ કલાકે, લોહાણા મહાજન વાડી, જૂનાગઢ રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

## -:: જાહેર નોટીસ ::-

તારીખ :-૦૬/૦૨/૨૦૨૫, લાઠી

આથી હું નીચે સહી કરનાર આર.સી.દવે, એડવોકેટ & નોટરી, રહે.લાઠીના, લાગતા-વળગતા સર્વેને જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ વસંતબેન લક્ષ્મણભાઈ રજપુત, રહે.ઢસા જં., તા.ગઢડા, જિ.બોટાદવાળાએ મોજે ઢસા જં. ખાતે આવેલ અને ઢસા ગામની બિનખેતી સર્વે નં.૧૪૯/૨ પૈકીની જમીન રહેણાંકના હેતુ માટે બિનખેતી થતા તેમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૨૬ પૈકીની ઉત્તર બાજુની ખુલ્લા પ્લોટની જમીન ચો.મી.૧૯૫.૦૯ મુંબઈના રહેવાસી જયાબેન માણેકલાલ વાણીયાના કુલ મુખત્યાર શ્રી રમણીકલાલ જેઠાલાલ બગડીયા પાસેથી અઘાટ વેચાણ દસ્તાવેજ નં.૧૪૨, તા.૨૩/૪/૧૯૮૭ થી અઘાટ વેચાણ રાખેલ છે, તે બાબતની જાહેર નોટીસ 'સંજોગ ન્યુઝ' માં તા.૫/૮/૨૦૨૪ના રોજ આપેલ. જે નોટીસમાં અમારાથી દક્ષીણ દિશા ને બદલે ઉત્તર દિશા દિર્શાવાઈ ગયેલ છે, જે ભૂલ ભરેલુ હોય, આથી ઉપરોકત બિનખેતી પ્લોટો પૈકી પ્લોટ નં.૨૬ પૈકીની દક્ષીણ બાજુની જમીન એ રીતના સુધારા સાથે આ ફેરફાર વાળી નોટીસ અમો ફરી વખત પ્રસિધ્ધ કરી રહયા છીએ. આગળની નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૫ માં કાઈપણ જાતના વાંધા-તકરાર ઉપસ્થિત થયા નથી.

આ વેચાણ વહેવાર સામે કોઈ વ્યકિત કે સંસ્થાને વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૫ માં લેખીતમાં આધાર-પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોષ્ટ એ.ડી.થી જણાવવા/રજુ કરવા. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી, જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે, તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈશ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**આર.સી.દવે**
**(એડવોકેટ & નોટરી)**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ. નં.૨૦/૨૦૨૫ — તા. /૦૧/૨૦૨૫

શ્રી રામજીભાઈ ડાયાભાઈ તારપરા
રહે. ૮૮/સી. શેરી મયુર લક્ષ્મીનગર.
આલ્ફા વિધ્યાલય પાસે. જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - નાની મોણપરી, તા. વિસાવદર ........સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રામજીભાઈ ડાયાભાઈ તારપરા, રહે, જુનાગઢએ તેમના પુત્ર શ્રી મૌલિક રામજીભાઈ તારપરાનો જન્મ તા.૨૩/૦૨/૧૯૯૭ ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- નાની મોણપરી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટેર લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી-નાની મોણપરી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરેચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ.... મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરા શહેરમાં ટ્રાફિક પોલીસની નિષ્ક્રિયતાથી વાહનવ્યવહાર અસ્તવ્યસ્ત

બગસરા,તા.૦૫



બગસરામાં ટ્રાફિક વ્યવસ્થા કથળી ગઈ હોવાની ફરિયાદો વધી રહી છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા એટલી ગંભીર બની છે કે લોકોને ૧૦ થી ૧૫ મિનિટ સુધી વાહનોની ભીડમાં ફસાઈ રહેવું પડે છે. કુંકાવાવ નાકા, બસ સ્ટેશન રોડ અને ગોંડલિયા ચોક જેવા મુખ્ય વિસ્તારોમાં ટ્રાફિકની સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. આ વિસ્તારોમાં તૈનાત ટી.આર.બી. જવાનો, હોમગાર્ડ અને ટ્રાફિક પોલીસ તેમની ફરજ પ્રત્યે ગંભીર ન હોવાનું જણાઈ રહ્યું છે. મોટાભાગના કર્મચારીઓ ફરજ દરમિયાન મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે છે. વધુમાં, કેટલાક વિસ્તારોમાં ફરજ પર મૂકવામાં આવેલ મહિલા હોમગાર્ડ કર્મચારીઓ તેમના નાના બાળકોને સાથે લાવીને તેમની સાથે રમતા જોવા મળે છે. આ બેજવાબદાર વર્તન સામે લોકોમાં રોષ ફેલાયો છે. શહેરીજનોએ પોલીસ અધિકારીઓને આવા બિનજવાબદાર કર્મચારીઓ સામે કડક પગલાં લેવા અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માંગ કરી છે.

# બગસરાથી એસ.ટી. બસના અનેક રૂટ બંધ થતાં મુસાફરોએ પૂછપરછ ઓફિસનો ઘેરાવ કર્યો

બગસરા,તા.૦૫




બગસરાના એસ.ટી. ડેપોની હાલત અતિ દયનીય બની રહી છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલા અહીંના ડેપોમાં ઈચ્છા મુજબ અનેક રૂટો બંધ કરવામાં આવે છે. કહેવાય છે કે, રેગ્યુલર અને વર્ષો જુના રૂટ બંધ કરવામાં આવે છે. વહેલી સવારે બગસરાથી ભાવનગરની એક માત્ર બસ છે અને ઘણા સમયથી રેગ્યુલર ચાલતી હોઈ છતાં હાલમાં ઘણા સમયથી આ બસ બંધ કરવામાં આવી છે. બગસરાથી રાજકોટ વાયા વડીયા, બગસરા રાજકોટ વાયા દેરડી, બગસરા જૂનાગઢ વાયા ભેસાણ, રાજુલા મહુવા, રફાળા, જેતપુર રાજકોટ, ધોરાજી ખાંભા, જેવા અનેક રૂટ બંધ કરવામાં આવ્યા છે આથી અનેક મુસાફરો પરેશાન થાય છે. અંતે મુસાફરોએ પૂછપરછ ઓફિસનો ઘેરાવ કરેલ હતો. જયારે આ બાબતે ડેપો મેનેજરને પૂછતાં તેમનો ફક્ત એક જ જવાબ મળે છે કે ડ્રાયવરો નથી અને અમુક ડ્રાયવરો રજા ઉપર છે એટલે થોડા દિવસોમાં તમામ બસો શરૂ કરાવીશું. હમણાં બીજી એક્સપ્રેસ બસ આવશે તેમાં જતા રહો. આવા ઉડાવ જવાબ આપતાં મુસાફરોમાં રોષ ઉઠી રહ્યો છે.

# સાવરકુંડલામાં ટ્રેકટર પાછળ બાંધેલી ગાડા લારીની અડફેટે વૃધ્ધા ઈજાગ્રસ્ત

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેકટર પાછળ બાંધેલી ગાડા લારીની અડફેટે એક વૃધ્ધા ઈજાગ્રસ્ત થયા હતા.

બનાવ અંગે પરેશભાઈ ડાભીએ હાથસણી ગામના ભીખાભાઈ બુહા સામે નોંધાવેલ ફરિયાદ પ્રમાણે આરોપીએ તેમના ટ્રેકટર પાછળ ગાડા લારી જોડેલ હોય જેને પુરઝડપે ચલાવી તેમના દાદીને અડફેટે લીધા હતા. જેમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે.જે. રાઠોડે વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલાની એમ.એલ. શેઠ સ્કૂલમાં નવા બિલ્ડિંગનો શિલાન્યાસ સમારોહ યોજાયો

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ટ્રસ્ટ સંચાલિત એમ.એલ. શેઠ સ્કૂલના પટાંગણમાં ગુજરાતી માધ્યમની નવી ઈમારતના શિલાન્યાસ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉલ્લાસભર્યા પ્રસંગે નવી ઈમારતના દાતાઓ, ટ્રસ્ટીગણ, ટ્રસ્ટી મંડળના માનનીય સભ્યો, સાવરકુંડલાના જ્ઞાતિ અગ્રણીઓ તેમજ શાળાના શિક્ષકવૃંદ અને સ્ટાફના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાળાની વિકાસયાત્રાની ઝલક અને ભવિષ્યના વિઝન અંગે ચર્ચાઓ થઈ હતી. શાળા કેમ્પસ ડાયરેક્ટર સંદીપકુમાર ખડદિયાના જણાવ્યા અનુસાર, આ નવી ઈમારત વિદ્યાર્થીઓ માટે વધુ સુવિધાસંપન્ન અને આધુનિક શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળાના શૈક્ષણિક વિકાસમાં મહત્વનું સીમાચિહ્ન બની રહેશે. શિલાન્યાસના આ પાવન પ્રસંગે શાળા પરિવારમાં નવા ઉત્સાહ અને શૈક્ષણિક ગૌરવની લાગણી જોવા મળી હતી.

# ધારી તાલુકાનાં હીરાવા ગામે વીજ કરંટ લાગવાથી મહિલાનું મોત

**ખીચા ગામે ઉંઘની ટીકડી વધુ લેવાથી આધેડનું મોત**

ધારી, તા.૦૫

ધારી તાલુકાનાં હીરાવા ગામે ઈલેકટ્રીક શોક લાગવાથી મહિલાનું મોત થયું છે. બનાવની વિગત જોઈએ તો નજમાબેન હનીફભાઈ લલગ(ઉ.વ.૩૭)ને ઈલેકટ્રીક વીજશોક લાગવાથી તેમનું મૃત્યું થયું હતું. ધારી પોલીસ સ્ટેશનનાં અના. હેડ કોન્સ. એમ.એચ. વાઘે વધુ તપાસ હાથ ધરી છે. તેવી જ રીતે ખીચા ગામે રહેતા વાઘજીભાઈ બાવચંદભાઈ વાગડીયા(ઉ.વ.૪૪)એ ઉંઘની એક ટીકડી લેવાની જગ્યાએ વધુ માત્રામાં ટીકડી લઈ લીધી હતી.

જેના કારણે ઝાડા-ઉલ્ટી થવા લાગી અને છાતીમાં ગભરામણ થવા લાગી હતી. તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું.

# જાફરાબાદ પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમન અંગેની માહિતી આપતો કાર્યક્રમ યોજાઈ ગયો

**ટ્રાફિક નિયમન બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું**

જાફરાબાદ, તા.૦૫



જાફરાબાદ તાલુકા પોલીસ દ્વારા શાળાના બાળકોને ટ્રાફિક નિયમનની સમજણ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જાફરાબાદ મહેતા સ્કૂલમાં પી.આઈ. ભાસ્કન તથા પી.એસ.આઈ. મારૂ તથા રૂકસાનાબેન તથા વિક્રમભાઈ દ્વારા સાઈબર ક્રાઈમ અને ટ્રાફિક નિયમન બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા પોલીસ દ્વારા સેમિનારનું આયોજન કરાતા સ્કૂલના આચાર્ય તથા સ્ટાફગણે આભાર વ્યક્ત કર્યા હતો.

# અમદાવાદ જેલમાંથી પેરોલ પર છૂટી ફરાર થયેલો કેદી ઝડપાયો

**અમરેલી એલસીબીની કામગીરી**

અમરેલી, તા. ૦૫



અમદાવાદ મધ્યસ્થ જેલમાંથી પેરોલ રજા પર છૂટી છેલ્લા એક વર્ષથી ફરાર થયેલા પાકા કામના કેદીને અમરેલી એલસીબી ટીમે ઝડપી પાડ્યો હતો. પુનામાં રહેતો રહીમ બલોચ પાકા કામના કેદી તરીકે અમદાવાદ મધ્યસ્થ જેલમાં સજા કાપતો હતો. પેરોલ રજા પર છૂટીને એક વર્ષથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. જેને બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે ઝડપી પાડવામાં આવ્યો હતો. અમરેલી એલસીબી ટીમે આ કામગીરી કરી હતી.

# વડીયા તાલુકાનાં ખજુરી પીપળીયા ગામના પુરુષે બીમારીથી કંટાળી એસિડ પીતાં મોત

વડીયા, તા.૦૫

વડીયા તાલુકાનાં ખજુરી પીપળીયા ગામે રહેતા હંસરાજભાઈ ધાધલ (ઉ.વ.૪૫)ને પેરાલિસીસની બીમારી હતી. તેમણે બીમારીથી કંટાળી જઈ એસિડ પી લીધું હતું. જેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યું થયું હતું. બનાવ અંગે વડીયા પોલીસ સ્ટેશનનાં એ.એસ.આઈ. પી.ડી. કલસરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૦૬-૦૨-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૬, સૂર્યાસ્ત-૦૬:૦૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૨-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. આ સિવાય જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઇનલ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજે સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

# સા.કુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૫



નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બેસ્ટ પર્સનાલિટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ, સામાન્ય જ્ઞાન, વ્યક્તિત્વ મૂલ્યાંકન અને ઈન્ટરવ્યુના આધારે સ્પર્ધકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ચાવડા દ્વારા નિર્ણાયકોનો પરિચય અને સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ધર્મેન્દ્રભાઈ કનાલા, પ્રા. ડો. રુક્સનાબેન કુરેશી તથા પ્રા. ડો. હરિતાબેન જોષીએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન નિમાવત કૃપાએ કર્યું હતું, જ્યારે આયોજક તરીકે પ્રા. છાયાબેન પી. શાહ તથા સહાયક તરીકે ડો. જાગૃતિબેન રાઠોડે જવાબદારી નિભાવી હતી. સ્પર્ધામાં વાઘેલા હેતલે પ્રથમ, ચૌહાણ આસિયાએ દ્વિતીય અને દાફડા ધર્મિષ્ઠાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પૂર્વ બેસ્ટ પર્સનાલિટી વિજેતા નિમાવત કૃપાએ વિજેતા વાઘેલા હેતલને તાજ પહેરાવી સન્માનિત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થિનીઓનો સહયોગ મળ્યો હતો.

# અમરેલીમાં વહેલી સગાઈ કરવા મુદ્દે યુવકે ગળા પર બ્લેડનાં ઘા મારતા અરેરાટી

અમરેલી, તા.૦૫

અમરેલીમાં એક યુવાને સગાઈ કરવા મુદ્દે પોતાની જ જાતે ગળા પર બ્લેડ મારતા ચકચાર મચી જવા પામી છે. રોહિતભાઈ બગડાએ પોતાની સગાઈ વહેલી કરવા બાબતે કહેતા કેશુભાઈ બગડાએ તેમને શિવરાત્રી ઉપર સગાઈ કરી આપવાની વાત કરતા મનમાં લાગી આવ્યું હતું અને આવેશમાં આવી જઈ પોતાની મેળે ઘરનો દરવાજો બંધ કરી ગળા પર બ્લેડનાં ઘા મારતા ચકચાર મચી ગઈ હતી. ભોગ બનનારને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. અમરેલી પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ. કુવાડીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં જુદી જુદી જગ્યાઓ પરથી કેફી પીણું પીધેલા સાત લોકો પોલીસની ઝપટે ચડ્યા

અમરેલી, તા.૦૫

ટીંબી ચેકપોસ્ટ પર વગર પરમીટે જાહેરમાં કેફી પીણું પીને વાહન ચલાવતા યુવકને પોલીસે પકડી પાડયો હતો. બનાવની વિગત જોઈએ તો સંજયભાઈ રમેશભાઈ ભાલીયા (રહે. રાજુલા) કેફી પીણું પીધેલ હાલતમાં મોટર સાયકલ લઈ ગફલતભરી રીતે રોડ પર વાહન ચલાવતા પોલીસનાં હાથે ઝડપાઈ ગયો હતો. તેવી જ રીતે લીલીયામાં આવેલ નાવલી બજારનાં જાહેર રોડ પર નાસીરભાઈ શેખ (રહે. લીલીયા) કેફી પીણું પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ લાયસન્સ વગર મોટર સાયકલ ચલાવતા લીલીયા પોલીસનાં હાથે ઝડપાઈ ગયા હતા.

ઉપરાંત શેડુભાર ગામના કમલેશગીરી ગોસાઈ, કેરાળા ગામના હરેશભાઈ સાગઠીયા, બાબરા ગામના વિજયભાઈ ઈન્દરીયા, લીલીયાનાં કમલેશભાઈ ડાબસરા, બારપટોળી ગામના ભુપભાઈ જોળીયા અને બાબરીયાધારના ઈરફાન ઉર્ફે ભુપત કલાણીયા ગેરકાયદેસર કેફી પીણું પીધેલ હાલતમાં પોલીસનાં હાથે ઝડપાયા હતા. પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં અકસ્માતની જુદી જુદી બે ઘટનામાં એકનું મોત : એક ઈજાગ્રસ્ત

**બાબરામાં પગપાળા જઈ રહેલા યુવકનું મોત નિપજયું**

અમરેલી, તા.૦૫

અમરેલી શહેર અને બાબરા ખાતે અકસ્માતની બે જુદી જુદી ઘટનાઓ બની હતી. જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. બાબરા-રાજકોટ હાઈવે પર એક અજાણ્યો પુરુષ પગપાળા ચાલીને જઈ રહ્યો હતો. ત્યારે પાછળથી કોઈ અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને ગફલત ભરી રીતે રાહદારી સાથે અથડાવ્યું હતું. જેનાં કારણે રાહદારીનાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું મૃત્યુ નિપજયું હતું. બાબરા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતની બીજી એક ઘટનામાં અમરેલીમાં રહેતા કૃષ્ણ ભરતભાઈ વિરપરાએ જાહેર કર્યા મુજબ તેઓ મોટરસાયકલ લઈ નવા માર્કેટીંગ યાર્ડ તરફ જતાં હોય તે દરમિયાન સંકુલ ચોકડી પાસે પહોંચતા પાછળથી એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે અચાનક જ દરવાજો ખોલતા તેમને ટક્કર લાગી હતી. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત સર્જી ફોરવ્હીલ ચાલક ફરાર થઈ ગયો હતો.

**તંત્રી લેખ**

# ભારત અમેરિકાના રાજકીય સંબંધો

ભારત અને અમેરિકા બંને દેશો એવા છે જે પોતાના દેશના હિતને સર્વાધિક પ્રાધાન્ય આપે છે. આવા સંજોગોમાં બંને દેશો વચ્ચેના હવે પછી ભવિષ્યમાં કેવા રાજકીય સંબંધો રહેશે તેનું અનુમાન કરવું જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ સપ્ટેમ્બરમાં અમેરિકાની મુલાકાત લીધી ત્યારે અબ કી બાર ટ્રમ્પ સરકાર એવો નારો લગાવ્યો હતો અને નરેન્દ્ર મોદીના આ નારા મુજબ અમેરિકામાં જ્યારે ટ્રમ્પની સત્તા સ્થાપી થઈ ચૂકી છે ત્યારે અમેરિકામાં વસતા ગેરકાનૂની ભારતીય લોકોને હાકી કાઢવાનું શરૂ થઈ ચૂક્યું છે. આમ છતાં ભારત અને અમેરિકા વચ્ચે સમજણનો જે સેતુ રચાયો છે તે યથાવત રહેવાનો જ છે. ફેબ્રુઆરી ૨૦૨૦ માં અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પ નામના એક વિશાળ કાર્યક્રમમાં મોદી અને ટ્રમ્પ ફરીવાર મળ્યા હતા. ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ ભારતથી ખૂબ પ્રભાવિત થયા હતા.

મોદીએ તાજેતરમાં જ ટ્રમ્પ સાથેની ટેલિફોન પરની વાતચીત પછી તેમને પોતાના 'ડિયર ફ્રેન્ડ' કહ્યા છે. ક્યારેક આ બંને નેતાઓની શૈલી આશ્ચર્યજનક રીતે સમાન લાગે છે. બંને મજબૂત નેતા છે, જેમની પાસે લોકોને આકર્ષતું ભાષણ આપવાની કળા છે અને પ્રાઈમ ટાઈમ શોમેનશિપનું હુન્નર પણ છે. બંને આકર્ષક નારા અને સાઉન્ડ બાઈટ્સની તાકાત સમજે છે. જો 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' ટ્રમ્પનો નારો છે તો મોદીએ પણ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત બનાવવા માટે 'અમૃત કાળ'નો વાયદો કર્યો છે. બંને ઉદારવાદી સર્વસંમતિ પર જમણેરી રાષ્ટ્રવાદની જીતનું પ્રતિનિધિત્વ કરે છે.

સત્તામાં આવતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે ખૂબ જ આકરા પગલા ભરીને અનેક દેશોમાં ગભરાટ મચાવી દીધો છે અને પોતાના વિરોધીઓને પણ પડકાર કર્યો છે. ટ્રમ્પ જે બોલે છે તેના વચનો આખરી હોતા નથી, ક્યારે તેઓ પોતાના વચનોથી ફરી જાય તે કહી શકાય નહીં. ભારત સાથે તેના સંબંધો ખૂબ જ ઊંચા લેવલના હોવા છતાં ભારતના ગેરકાયદેસર રહેતા નાગરિકોને હાંકી કાઢવાનું શરૂ પણ કરી દીધું છે તેની સામે ભારત સરકાર ચૂપ છે કારણ કે તે જે કરે છે તે બરોબર છે. કારણ કે ભારતના નાગરિકોએ ત્યાં ગેરકાનૂની રીતે વસવાટ કરવો જોઈએ નહીં તે પણ એક હકીકત છે. આથી આની વિરુદ્ધ ભારત સરકાર કાંઈ કરી શકે નહીં. પરંતુ મૂંગે મોઢે પોતાના નાગરિકોને સ્વદેશની અંદર સમાવી લેવાનું સરકારે નક્કી કરી લીધું હોય તેવું લાગે છે.

આ વખતે ટ્રમ્પ અને મોદી વચ્ચે વાત કેવી રીતે આગળ વધશે? ભારતીય નેતૃત્ત્વની ઈચ્છા રાજકીય મંચ પર ખુદને સ્થાપિત કરવાની છે, જ્યારે ટ્રમ્પ બધાને ધમકાવવા આતુર છે. આ સંબંધ સરળ સાબિત થશે નહીં, કેમકે અમેરિકા વૈશ્વિક મહાસત્તા છે, જ્યારે ભારત હજુ પણ દુનિયામાં વધુ માન્યતા માટે સંઘર્ષ કરી રહ્યું છે. ટ્રમ્પ માટે ભારત એક મોટું બજાર જરૂર હોઈ શકે છે, પરંતુ સંપૂર્ણપણે 'અમેરિકા ફર્સ્ટ' નીતિ સામે મોદી આશા રાખશે કે, અમેરિકા આપણને એક વિશ્વસનીય વ્યૂહાત્મક સહયોગી તરીકે જુએ. ભારત અમેરિકાના સંબંધો એકબીજાના વ્યાપાર પર એટલે કે સ્વાર્થ પર આધારિત હોવાથી તેઓ એકબીજાના સહયોગી છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ત્રાસવાદને ખતમ કરવા માટે બંને દેશો દ્રઢ નિશ્ચયી છે તે એક આપણા માટે એક સારી વસ્તુ છે.

# દિલ્હીમાં ખરાખરીનો જંગ




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

પ્રજામતથી ચૂંટાયેલા લોક પ્રતિનિધિ પ્રજાના કામ સારી રીતે કરે અને લોકોની સુખાકારીમાં વધારો કરે તે અત્યંત જરૂરી છે. ગરીબોને નામે સત્તાના સિંહાસન પ્રાપ્ત કરનારા જ્યારે પ્રજાલક્ષી કામ કરવાનું ભૂલી જાય છે જ્યારે તે સત્તા પરથી ફેંકાઈ જતા હોય છે. દિલ્હીમાં પણ આ વખતે આવું બનશે તેવું લાગે છે.

કેન્દ્રમાં જે પક્ષની સત્તા હોય તેનાથી ઊલટું પાટનગર નવી દિલ્હીમાં હંમેશા વિરોધ પક્ષનું શાસન હોય છે. કેન્દ્રમાં જો ભાજપનું શાસન હોય તો દિલ્હીમાં કોંગ્રેસનું શાસન હોય અથવા તો આમ આદમીની પાર્ટીનું શાસન હોય છે. આ દાયકાઓથી બનતું આવ્યું છે. પરંતુ આ વખતે એવા એંધાણ વર્તાય છે કે કેન્દ્રમાં ભાજપનું શાસન છે અને દિલ્હીમાં પણ ભાજપની સરકાર આવે તેવું ચોક્કસ બની શકે કારણ કે ભ્રષ્ટાચારનો અતિરેક દિલ્હી સરકારમાં થઈ ચૂક્યો છે. અન્ના હજારેના શિષ્ય બનેલા નેતાએ ગરીબોને નામે, આમ આદમીને નામે કરોડો રૂપિયાનો શીશ મહલ ઊભો કર્યો અને દિલ્હીની જનતાની મુશ્કેલી વધારી છે. આથી આ વખતે તે સત્તા પરથી ફેંકાઈ જાય તેવા સંજોગો નિર્માણ થયા છે.

ચૂંટણી લોકશાહીમાં રાજકીય સત્તાને એક બૌદ્ધિક (rational) અથવા દુન્યવી (secular) આધાર પૂરો પાડે છે. મતદારો અને પ્રતિનિધિઓ વચ્ચે એક પ્રકારનો કરારમૂલક (contractual) સેતુ ચૂંટણી ટાણે સ્થપાય છે. ઉમેદવારો અને રાજકીય પક્ષો ચૂંટણીઢંઢેરા બહાર પાડે છે અને 'અમને મત આપશો તો અમે આટલું કરીશું' એવો પ્રચાર કરે છે. નીતિઓ અને કાર્યક્રમો માટે મત માગવામાં આવે છે અને એ નીતિ અને કાર્યક્રમોનો અમલ થશે, એ અપેક્ષાએ મતદારો મત આપે છે. દિલ્હીની પ્રજા પણ આવી અપેક્ષા રાખે છે.

દિલ્હીમાં ચૂંટણીના મેદાન પર વિવિધ પ્રકારના દાવ લગાવવામાં આવી રહ્યા છે. ચૂંટણી પર નજર રાખનારા પત્રકારો, મતદાન કરનારાઓ અને અન્ય લોકો આ પગલાંનું અલગ અલગ રીતે અર્થઘટન કરી રહ્યા છે.

'એક તરફ આમ આદમી પાર્ટી છે જે ૧૧ વર્ષથી શાસન કરી રહી છે. બીજી તરફ, કેન્દ્રમાં સતત ત્રીજી વખત સત્તા પર આવેલા મોદી-ભાજપ ૨૭ વર્ષથી દિલ્હીમાં સત્તાથી બહાર હોવાને કારણે બેચેન છે.

આ સ્પર્ધામાં કોંગ્રેસ એક નબળા ત્રીજા ખેલાડી જેવી છે. તે ભાજપ તથા આપ બંને પક્ષોને 'રેવડી' વહેંચતી પાર્ટી કહે છે પણ મતદારોને ખાતરી આપે છે કે તે હાલની યોજનાઓ બંધ નહીં કરે. ભાજપ રોકડ ટ્રાન્સફર અને સબસિડીના વચનો દ્વારા AAP ને હરાવવાનો પ્રયાસ પણ કરે છે. ઉદાહરણ તરીકે, જો AAP મહિલાઓને દર મહિને ૨,૧૦૦ રૂપિયા આપવાનું વચન આપે છે, તો ભાજપ દર મહિને ૨,૫૦૦ રૂપિયા આપવાનું વચન આપે છે. દિલ્હીમાં રહેવાની જગ્યા ઘટી રહી છે, પરંતુ આકાંક્ષાઓ વધી રહી છે. ભાજપની અપીલ, મુખ્યત્વે એવા પરિવારો માટે કે જેમને ૨૦૦ યુનિટ મફત વીજળીની જોગવાઈનો લાભ મળ્યો ન હતો કારણ કે તેમનો માસિક વપરાશ કટ-ઓફ કરતાં વધી ગયો હતો.

જ્યારે AAP સૌથી નબળા વર્ગો અને મુસ્લિમ લઘુમતી વચ્ચે પોતાનો દબદબો જાળવી રાખે છે, ત્યારે બાકીના મતદાતા જૂથોમાં વાર્તા થોડી અલગ છે. તેથી, AAP અને ભાજપ વચ્ચેનું અંતર અહીં ઘટી શકે છે.

આનાથી AAP ભારતના તાજેતરના રાજકીય ઈતિહાસમાં સૌથી સફળ સ્ટાર્ટ-અપ બન્યું અને હવે તેનો ફાયદો ભાજપને થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દિલ્હી સરકારના નબળી અને અસમાન કાર્યપદ્ધતિને કારણે સત્તા વિરોધી ભાવના વધી છે. એવી લાગણી છે કે AAP એ 'મફત' અથવા સબસિડીની રાજનીતિ કરવાનું બંધ કરી દીધું છે, અને ખાસ કરીને તેના બીજા કાર્યકાળમાં, તેની પોતાની મુશ્કેલીઓનો બહુ ઓછો વિરોધ અથવા કેન્દ્ર સરકાર અને ભાજપ સાથે સતત દુશ્મનાવટ હોવાને કારણે, તે પોતાનો રસ્તો ભૂલી ગઈ છે. કારણ જેઓ મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષના જીવનથી ઉપર ઉઠ્યા છે, તેઓ પ્રશ્નો પૂછે છે. શું તમારી પાસે મહાનગરની વધતી જતી માળખાગત સુવિધાઓ અને સેવાઓ પર વધતા દબાણને ઘટાડવા માટે કોઈ યોજના નથી? શહેરમાં ફેલાયેલા કચરાના ઢગલાથી લઈને લાંબા ટ્રાફિક જામ, ખાડાવાળા રસ્તાઓથી લઈને ભરાયેલ ગટર અને ખુલ્લી ગટર લાઈનો અને વધતા વાયુ પ્રદૂષણ સુધી, સરકાર શું કરી શકે? ઘણા લોકો માટે, અને ખાસ કરીને સમૃદ્ધ વર્ગના યુવાનો માટે, AAPના નેતૃત્વ હેઠળની દિલ્હી સરકાર તેમની આકાંક્ષાઓ પર ખરી ઉતરી રહી નથી.

દિલ્હીમાં હિન્દુ એકતા વધતી હોવાના સંકેતો છે જે હવે મંદિર-મસ્જિદના મોટા કે જીવંત મુદ્દાઓ પર આધારિત નથી. તે રોજિંદા ભય અને વધતા પૂર્વગ્રહમાં દેખાય છે, જેને 'કથળતો કાયદો અને વ્યવસ્થા' જેવા નરમ શબ્દોમાં વર્ણવવામાં આવે છે, અને 'બાંગ્લાદેશીઓ' દ્વારા ઘૂસણખોરીના ભયમાં પણ જોવા મળે છે.

દિલ્હીની તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે કુલ ૬૯૯ ઉમેદવારો મેદાનમાં હતા. તેમનું ભાગ્ય દિલ્હીના ૧.૫૬ કરોડ મતદાતાઓના હાથમાં છે. આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત સત્તામાં પાછા ફરવાની આશા રાખી રહી છે, જ્યારે ભાજપ ૨૫ વર્ષના સત્તાના દુષ્કાળને સમાપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ પણ સરકાર બનાવવાનો દાવો કરે છે. AAPનો આરોપ છે કે ભાજપ પોલીસની મદદથી લોકોને મતદાન કરતા રોકી રહી છે. ડિસેમ્બર ૨૦૧૩ માં કોંગ્રેસના સમર્થનથી દિલ્હીમાં આમ આદમી પાર્ટી સત્તામાં આવી હતી. તા.૫ ફેબ્રુઆરીએ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન થયું હતું. તમામ ૭૦ બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થયું છે. આ વખતની ચૂંટણીમાં અનેક મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. અર્ધલશ્કરી દળોની ૨૨૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આ વખતે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ત્રિકોણીય મુકાબલો છે. મતગણતરી ૮ ફેબ્રુઆરી, શનિવારના રોજ થશે.

મતદાન સુચારુ રીતે થાય તે માટે શહેરમાં ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ચૂંટણી પંચે અર્ધલશ્કરી દળોની ૨૨૦ કંપનીઓ, દિલ્હી પોલીસના ૩૫,૬૨૬ કર્મચારીઓ અને ૧૯,૦૦૦ હોમગાર્ડ તૈનાત કર્યા હતા. અનેક મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. અહીં ડ્રોન સર્વેલન્સ જેવા ખાસ પગલાં લેવામાં આવ્યા હતા. આ વખતે દિલ્હીમાં ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદ્દો હતો કારણ કે રાજકારણને સાફ કરવાનો દાવો કરીને સત્તામાં આવેલી આમ આદમી પાર્ટી અને તેના નેતા અરવિંદ કેજરીવાલ પર ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, આમ આદમી પાર્ટી અને ભાજપ ખુલ્લેઆમ એકબીજાની વિરુદ્ધ જોવા મળ્યા હતા. કોંગ્રેસ વતી રાહુલ ગાંધીએ પણ કેજરીવાલ પર પ્રહારો કર્યા હતા. જોકે, કોંગ્રેસનું વલણ થોડું નરમ લાગ્યું.

દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, દિલ્હીમાં ડબલ એન્જિન સરકાર બનશે. દિલ્હીના લોકોએ વિકસિત દિલ્હી માટે મતદાન કરવાનું મન બનાવ્યું છે. દિલ્હીમાં હાર સ્વીકારીને, અરવિંદ કેજરીવાલ ગુંડાગીરીભર્યું વર્તન કરી રહ્યા છે. નવી દિલ્હી બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતે કહ્યું કે, એક મતદાર તરીકે મેં જોયું છે કે મારા વિસ્તારમાં કયો ધારાસભ્ય કામ કરશે, કયો પક્ષ સારી સરકાર બનાવશે. મતદારોએ પોતાનું મન બનાવી લીધું છે. આમ આદમી પાર્ટી પહેલી વાર ડિસેમ્બર ૨૦૧૩ માં સત્તામાં આવી, જ્યારે તેણે કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવી. જોકે, જનલોકપાલ બિલ પસાર કરવામાં અસમર્થતા દર્શાવીને કેજરીવાલે માત્ર ૪૯ દિવસ પછી રાજીનામું આપી દીધું. ૨૦૧૫ અને ૨૦૨૦ની ચૂંટણીમાં, AAP એ અનુક્રમે ૬૭ અને ૬૨ બેઠકો જીતીને પ્રચંડ વિજય મેળવ્યો હતો, જ્યારે ભાજપ એક અંકમાં સમેટાઈ ગયો હતો. કોંગ્રેસ બંને ચૂંટણીઓમાં ખાતું ખોલવામાં નિષ્ફળ રહી હતી.

## સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૫ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૩૬ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૯૯ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૫૧૪ |
| ચણા પીળા | ૯૮૧ | ૧૧૪૦ |
| ચણા સફેદ | ૧૪૫૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૧૦૫ | ૧૬૨૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૭૯ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૧૨૫ |
| ચોળી | ૧૫૦૦ | ૨૫૨૫ |
| મઠ | ૫૫૦ | ૧૨૫૧ |
| કળથી | ૭૭૫ | ૮૯૦ |
| સીંગદાણા | ૧૨૬૩ | ૧૨૬૩ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૭૦ | ૧૨૪૦ |
| તલી | ૧૮૯૦ | ૨૦૭૬ |
| એરંડા | ૯૦૦ | ૧૨૩૫ |
| અજમો | ૧૧૫૧ | ૧૮૯૦ |
| સુવા | ૯૭૫ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૪ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૫૨ |
| કાળા તલ | ૩૫૦૦ | ૪૮૦૦ |
| લસણ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૫૨૫ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૨૯૦ | ૧૭૩૭ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૨૩ |
| જીરૂ | ૩૪૨૫ | ૪૦૨૫ |
| રાય | ૧૦૪૦ | ૧૨૬૦ |
| મેથી | ૮૪૦ | ૧૦૮૦ |
| ઇસબગુલ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૫૦૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૮૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૭૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૧૫ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૧૭૫ |
| સકરીયા | ૩૫૦ | ૬૨૦ |
| મુળા | ૪૦૦ | ૫૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૬૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૯૦૦ | ૧૩૫૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૩૦ |
| ટીંડોરા | ૩૮૦ | ૮૨૦ |
| દુધી | ૧૮૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૫૦૦ | ૧૯૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૫૦ | ૬૨૦ |
| તુવેરસીંગ | ૨૫૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૫૦ | ૨૨૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૦૦ |
| આદુ | ૫૦૦ | ૭૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૩૪૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૭૦૦ | ૧૪૯૧ |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૧૦૭ |
| ગિરનારી શીંગ | ૯૮૫ | ૧૧૬૫ |
| શિંગ મોટી | ૮૪૫ | ૧૧૦૧ |
| શિંગદાણા ફાડા | ૯૨૫ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૨૫૫ |
| તલ કાળા | ૪૫૦૦ | ૪૯૦૦ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૬૬૭ |
| ઘઉં લોકવન | ૯૧૦ | ૬૪૬ |
| અડદ | ૭૧૦ | ૧૪૮૫ |
| ચણા | ૮૫૦ | ૧૧૭૩ |
| તુવેર | ૧૦૯૫ | ૧૪૦૪ |
| જીરૂ | ૩૬૪૦ | ૩૮૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૪૬૫ | ૭૯૮ |
| મરચા લાંબા | ૪૦૦ | ૩૪૬૦ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૫૨૫ |
| તલકાશ્મીરી | ૨૬૩૦ | ૨૬૩૦ |
| અજમા | ૧૪૭૫ | ૨૪૩૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૮ |
| મગ | ૧૦૫૦ | ૧૫૨૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૫૦ | ૩૦૦ |
| રીંગણાં | ૭૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૯૦ | ૧૧૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| શકકરીયા | ૩૨૦ | ૪૨૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૨૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ગાજર | ૪૨૦ | ૫૨૦ |
| દૂધી | ૧૫૦ | ૨૧૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૨૦ |
| મુળા | ૧૦૦ | ૧૭૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૧૧૦ | ૨૬૦ |
| વટાણા | ૫૧૦ | ૬૧૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૬૩૦ | ૮૩૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૫૦ |
| મેથીભાજી | ૮૦ | ૧૨૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૧૦ | ૨૬૦ |
| સરગવો | ૫૦૦ | ૮૧૦ |
| લીમડો મીઠો | ૩૪૦ | ૪૪૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મરચા લાલ | ૬૨૦ | ૮૨૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૪૪૦ |
| લસણ લીલુ | ૭૧૦ | ૮૧૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૧૦ |
| લીંબુ | ૬૨૦ | ૯૨૦ |
| વાલ | ૪૦૦ | ૬૦૦ |
| આમળા | ૮૦૦ | ૧૦૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૫૬ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૨૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૦૨ |
| મગફળી જીણી | ૭૩૧ | ૧૦૯૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૨૫૬ |
| તલ કાળા | ૧૨૦૦ | ૫૧૫૧ |
| જીરૂ | ૨૮૭૬ | ૩૯૫૧ |
| વરીયાળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૪૫૧ | ૩૬૫૧ |
| લસણ સુકું | ૭૯૧ | ૧૮૫૧ |
| અડદ | ૧૦૭૧ | ૧૬૨૧ |
| મઠ | ૬૩૧ | ૧૦૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૫૧ |
| મેથી | ૫૨૧ | ૧૦૪૧ |
| કાંગ | ૮૫૧ | ૯૦૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૧૬ |
| નવી ધાણી | ૧૧૨૬ | ૧૭૨૬ |
| નવું જીરૂ | ૪૨૫૧ | ૪૨૫૧ |
| સફેદ ચણા | ૮૦૧ | ૧૮૦૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૩૮૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૭૬ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૭૧ |
| બાજરો | ૪૨૧ | ૬૦૧ |
| જુવાર | ૪૪૧ | ૧૦૫૧ |
| મગ | ૯૭૧ | ૧૭૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૨૦૧ |
| વાલ | ૭૨૬ | ૧૧૯૧ |
| સોયાબીન | ૭૦૬ | ૭૯૬ |
| કળથી | ૬૮૧ | ૬૮૧ |
| ગોગળી | ૭૯૧ | ૯૨૧ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૨૫ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| મગફળી જીરૂ૦ | ૧૦૪૪ | ૧૦૭૬ |
| મગફળી બીટી | ૧૦૦૧ | ૧૦૫૯ |
| ઘઉં | ૫૧૫ | ૫૨૫ |
| જીરૂ | ૩૭૬૦ | ૩૯૦૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૨૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૭ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૮૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| મગફળી | ૫૦૦ | ૧૦૮૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૨૧૨૫ | ૨૧૨૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૬૧ | ૧૪૦૯ |
| મગફળી | ૯૪૪ | ૧૦૫૧ |
| સફેદ તુવેર | ૯૫૦ | ૧૩૩૯ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૦૨૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૩૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| અડદ | ૯૦૧ | ૧૩૫૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૧ |
| શીંગફાડા | ૮૦૧ | ૧૦૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૬ |
| તુવેર | ૯૦૦ | ૧૨૭૬ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૮૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૧૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૮૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૨૦ |
| ઘઉ લોકવન | ૫૬૦ | ૬૯૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૬૧ |
| બાજરો | --- | ૬૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| એંરડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| જુવાર | -- | ૯૪૦ |
| તલ કળા | ૩૫૦૦ | ૪૮૦૦ |
| મેથી | ૧૦૦૦ | --- |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૯૭ | ૧૪૬૪ |
| કપાસ સી ગ્રેડ | ૯૯૫ | ૯૯૫ |


**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જીરૂ૦ | ૯૫૦ | ૧૦૬૯ |
| મગફળી ૩૨નં. | ૯૦૦ | ૧૦૩૫ |
| બાજરી હા. | ૫૨૫ | ૪૬૪ |
| ઘઉં | ૫૦૦ | ૬૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૮ |
| જુવાર | ૬૫૦ | ૧૦૨૨ |
| જા.તલ | ૨૩૦૦ | ૨૬૮૦ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૨૫૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૨ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૧૨૦ | ૧૧૨૦ |
| શીંગ ૩૨ | ૯૩૦ | ૧૦૨૭ |
| શીંગ ૩૯ | ૮૯૬ | ૧૦૬૨ |
| શીંગ જી ૨૦ | ૧૦૨૦ | ૧૦૬૨ |
| જુવાર | ૫૦૦ | ૧૦૩૧ |
| બાજરી | ૪૫૨ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૬૨૪ | ૭૩૧ |
| અડદ | ૮૦૫ | ૧૧૦૦ |
| મગ દેશી | ૧૬૦૦ | ૨૨૧૨ |
| સોયાબીન | ૭૯૬ | ૮૧૨ |
| ચણા | ૯૭૦ | ૧૦૯૬ |
| તલ સફેદ | ૧૮૬૬ | ૧૮૬૬ |
| તુવેર | ૧૨૫૨ | ૧૩૭૧ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૨૫ |
| ડુંગળી સફેદ | ૨૨૯ | ૪૩૨ |
| કપાસ શંકર | ૭૩૦ | ૧૪૧૯ |
| નાળીયેર | ૯૫૦ | ૨૫૦૦ |

## શબ્દ સંજોગ-૧૯૪૫



**આડી ચાવી :**
(૧) એક બ્રાહ્મણ અટક (૩)
(૩) ઉગમ, મૂળ (૩)
(૬) એક ગુજરાતી મહિનો (૩)
(૭) ખરચ, ઉધારેલી રકમ (૩)
(૯) ઘોડેસવાર યોદ્ધો (૩)
(૧૦) વંદે...... (૪)
(૧૨) બોલવા માટે ધ્વનિવર્ધક યંત્ર (૩)
(૧૩) પર્વત કે સરોવરમાંથી વહેતો મોટો કુદરતી જળપ્રવાહ (૨)
(૧૫) આંબાનું ઝાડ (૩)
(૧૬) જૂ નામના જંતુના ઈંડા (૨)
(૧૮) એક મહારાષ્ટ્રીયન અટક (૨)
(૧૯) જયાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે... (૨)
(૨૧) એક તંતુવાદ્ય (૩)
(૨૩) એક રાશિ (૩)
(૨૫) ફાયદો (૨)
(૨૬) મમતા, સ્નેહ (૨)
(૨૭) બાણ, શર (૨)
(૨૯) આમળો, આંટો (૨)
(૩૦) અતિ બગાડે........ (૨)
(૩૧) પાવલુ, ચારઆની (૩)

**ઉભી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૨) શક્તિ, સામર્થ્ય (૩)
(૩) ઉત્સાહ, પોરસ (૪)
(૪) કબર (૩)
(૫) મોંથી પવન ફેંકવો તે (૨)
(૮) ઓકવું તે, ઉલટી (૩)
(૧૧) કાંતવાનું એક ઓજાર (૩)
(૧૨) કેફી (૩)
(૧૪) એક ભારતીય વિચારક પં.... .... ઉપાધ્યાય (૫)
(૧૫) રાતો મણિ (૩)
(૧૭) ચામડીનો એક રોગ (૨)
(૨૦) મકાન, ઘર, સદન (૨)
(૨૨) રુવાંટીની હાર (૪)
(૨૪) ચણોઠી જેટલું કદ કે વજન (૨)
(૨૮) પરમેશ્વર, પરવરદિગાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૪૪ જવાબ

**આડી ચાવી:** (૧) નગર (૩) નગ (૪) વાઘ (૬) જરખ (૯) રુંડ (૧૧) સગવડ (૧૩) ગરજ (૧૪) જાર (૧૫) કદર (૧૮) બળ (૧૯) કતભવિ(વિભકત) (૨૧) કમર (૨૩) રાહ (૨૫) કકડી (૨૬) મારીચ (૨૭) સરત (૨૮) રોલ (૨૯) કવિ.

**ઉભી ચાવી:** (૧) નગારું (૨) રજ (૩) નખ (૫) ઘરેડ (૭) રમૂજ (૮) રાગ (૧૦) ડગર (૧૧) સરોદ (૧૨) વર્ગ (૧૪) જાવક (૧૬) રકત (૧૭) ભાવિ (૧૮) બરકત (૨૦) ભરચક (૨૨) મકર (૨૪) હમાલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બેટ દ્વારકામાં બાલાપરમાં કબ્રસ્તાન પાસે નાના-મોટા ૧૨ ધાર્મિક દબાણો હટાવ્યા

(એચ.એસ.એલ),દ્વારકા,તા.૦૫

દેવભૂમિ દ્વારકામાં ફરી એક વાર ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. યાત્રાધામ બેટ દ્વારકા ખાતે ડિમોલિશન પૂર્ણ કરવામાં આવ્યું છે. બાલાપરમાં કબ્રસ્તાન પાસેના દબાણો પર બુલડોઝર ફરી વળ્યું હતું. ૧૨થી વધુ નાના મોટા ધાર્મિક દબાણો તોડી પડાયા છે. ૬૫૦૦ ચોરસ મીટરથી વધુની જમીન ખુલ્લી કરાવી છે. ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા છે. ૧.૭૫ કરોડની કિંમતની ૬.૫ હજાર ચો.મી જમીન દબાણ મુક્ત થઈ છે. પોલીસના બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. શાંતિપૂર્ણ માહોલમાં દબાણ હટાવો ઝુંબેશ પૂર્ણ કરાઈ હતી. બીજી તરફ બેટ દ્વારકામાં દબાણ મુદ્દે થયેલી અરજી કોર્ટ દ્વારા ફગાવી દેવાતા ફરી દાદાનું બુલડોઝર ફરી વળ્યું છે. બેટ બાલાપર વિસ્તારમાં કબ્રસ્તાન, ધાર્મિક અને બિનઅધિકૃત દબાણ દૂર કરાયા છે. ગૌચરની જગ્યા પર પણ બુલડોઝર ચાલ્યું હતું.

## અમરેલી ફોરવર્ડ ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો

# અમરેલી ખાતે તા.૦૭ ફેબ્રુઆરીએ આહિર સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાશે

વડિયા, તા.૦૫





અમરેલીના ફોરવર્ડ હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે અમરેલી જિલ્લા આહિર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૦૭/૦૨/૨૦૨૫ને શુક્રવારના રોજ સવારના સમયે છઠ્ઠા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આહિર સમાજની ૧૬ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે. સાથે અતીત સાધુ સમાજની એક દીકરી સમાજ સુધારણારૂપી આ યજ્ઞમાં જોડાશે. સમાજનાં સામાજિક-રીતિ રીવાજો મુજબ આ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી આહિર સમાજના સામાજિક, રાજકીય આગેવાનો અને અમરેલી જિલ્લાના વિવિધ રાજકીય આગેવાનો હાજરી આપશે. તેમજ પ્રભુતામાં પગલા પાડતા નવદંપતીઓને આશીર્વાદ આપશે. આ તકે આયોજકો દ્વારા સમગ્ર અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહિર સમાજને આ સમૂહ લગ્નોત્સવમાં સહભાગી થવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સમૂહલગ્નને સફળ બનાવવા માટે આહીર સમાજના આગેવાનોના માર્ગદર્શન હેઠળ યુવાનોની ટીમો દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમનો હેતુ સમાજમાં પરિવર્તન લાવવાનો છે અને આહિર સમાજના પરિવારોને આર્થિક ભલાઈ માટે દ્રષ્ટિ આપવાનો છે.


# મહેસાણામાં દીકરી જન્મતા પતિએ પત્નીને ટ્રિપલ તલાક આપી દીધા

મહેસાણા,તા.૦૫

મહેસાણામાં ત્રણ તલાકની ઘટના સામે આવી છે. મહેસાણામાં દીકરી જન્મતા પરિણીતાને ત્રણ તલાક આપ્યા હોવાની ઘટના સામે આવી છે. દીકરાને બદલે દીકરી જન્મતા પતિએ છૂટાછેડા આપ્યા છે. મહેસાણાના શોભાસણ રોડ પર રહેલી પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે. ૨૦૦૭ માં લગ્ન બાદ દીકરીનો જન્મ થયો હતો. છેલ્લા ૪ વર્ષથી પતિ સહિત સાસરિયામાં હેરાન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પતિ, સસરા, સાસુ, નણંદ અને મામી સાસુ સામે પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે. વિસનગર શહેર પોલીસ મથકે પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ અગાઉ પણ મહેસાણા શહેરમાં ટ્રિપલ તલાકનો મામલો સામે આવ્યો હતો. ૧૧ વર્ષના લગ્નજીવન બાદ પતિને પત્ની ગમતી નહોતી. તું ગમતી નથી તેમ કહીને પતિએ પત્નીને ટ્રિપલ તલાક આપ્યાની ઘટના બની હતી.

# શક્તિસિંહ ગોહિલે ગુજરાતના લોકોને સ્પર્શતા અનેક મુદ્દાઓ, સમસ્યાઓ અંગે રજૂઆતો કરી

અમદાવાદ, તા.૦૫



રાષ્ટ્રપતિના પ્રવચનમાં સરકાર પોતાની દિશા કે દૃષ્ટિ આપવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે. રાષ્ટ્રપતિના અભિભાષણના પાના નંબર ૧૭ ને ટાંકીને શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આપણા દેશની ફૌજના જવાનો માટે જીવન રક્ષક અને જીવન જરૂરિયાતની વસ્તુઓ એક્સપાયરી ડેટ થઈ ગયેલી અપાય છે જે અંગેનો અહેવાલ સંસદીય સમિતિએ રજૂ કર્યો હતો, તેને ટાંકીને સરકારની આ નિષ્કાળજી બદલ ટીકા કરી હતી. ગુજરાતના બે જાંબાઝ ફૌજના જવાનો તાજેતરમાં જ શહીદ થયા છે. જામકંડોરણાના હાસવડ ગામના વિશ્વરાજસિંહ મહિપતસિંહ ગોહિલ તથા પેરામિલ્ટ્રી ફોર્સના ભાવનગર જિલ્લાના નેસડા ગામના રોહિતભાઈ ડાંગર શહીદ થયા છે. તેમના પરિવારોની પૂરતી કાળજી સરકાર દ્વારા લેવાઈ નથી. શહીદનો દરજ્જો શહીદોને મળવો જોઈએ પરંતુ અગ્નિવીર જેવી યોજના ભાજપ સરકાર લાવી તેના કારણે ગુજરાતના શહીદ થયેલા યુવાનોને શહીદનો દરજ્જો કે પરિવારને મળતી પૂરતી સહાય સરકારે આપી નથી. રોહિતભાઈ ડાંગરના પરિવારને પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોતાની જ વસ્તુઓ પરત મેળવવા માટે પણ ઠેકઠેકાણે ધક્કા ખાવા પડ્યા હતા જે શરમજનક ગણાય. હિન્દુઓના નામે મત લેવામાં આવે છે અને હિન્દુઓ માટેની કોઈ ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી નથી.

# હરિવિહાર યોગ પાઠશાળામાં વાર્ષિક દિવસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૫



હરિવિહાર યોગ પાઠશાળામાં ૧લી ફેબ્રુઆરીના રોજ વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત વિકાસ અધિકારી અશરફ આર. કુરેશી અને યોગ કોર્ડિનેટર પંડયા ઉપસ્થિત રહ્યા હતા અને મોટી ઉંમરના લોકો માટે યોગના વિવિધ આસનો રજૂ કર્યા તથા યોગ અને પ્રાણાયામનું મહત્વ સમજાવી, તંદુરસ્ત અને નિરોગી રહેવા માટે પ્રેરણા આપી હતી. જેમાં યુવા વિકાસ અધિકારી કુરેશીએ રોજિંદા યોગ અને પ્રાણાયામની આવશ્યકતા પર ભાર આપ્યો હતો. આ તકે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા બહેનોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કોડીનારમાં જિલ્લા કક્ષાની મહિલા કુસ્તી સ્પર્ધા યોજાઈ

ગીર સોમનાથ,તા.૦૫



ગીર સોમનાથમાં જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૩.૦ની અંડર–૧૪, અંડર -૧૭ની જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા તાજેતરમાં કોડીનાર સોમનાથ એકેડેમી મુકામે યોજાઈ હતી. જેમાં જિલ્લાભરમાંથી જુદી જુદી શાળાની બહેનોની અંડર – ૧૪, અંડર -૧૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં સોમનાથ DLSS તેમજ નોન DLSS સોમનાથ એકેડેમીમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં સોમનાથ એકેડેમીની બહેનોએ ૬ ગોલ્ડ મેડલ, ૮ સિલ્વર મેડલ અને ૧૨ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. અને આગામી સમયમાં રાજ્ય કક્ષા ખાતે રમવા જશે. આ તમામ વિજેતા ખેલાડીઓને એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, કબડ્ડી રમતના ડિસ્ટ્રિક્ટ કોચ રીટાબેન ચૌધરી, કુસ્તી કોચ નરેશકુમાર ચૌધરી, DLSS મેનેજર રણજીતભાઈ દાહીમા, સ્પોર્ટ્સ ડાયરેક્ટર સંજયભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કુણાલભાઈ સોલંકી વગેરેએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી ખોડલધામ મંદિરે ધામધૂમથી શ્રી ખોડિયાર જયંતીની ઉજવણી કરાઈ

રાજકોટ,તા.૦૫



મહાસુદ આઠમે શ્રી ખોડિયાર જયંતીએ મા ખોડલના પ્રાગટ્ય દિવસની કાગવડ પાસે આવેલા સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિર ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે મા ખોડલને છપ્પન ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સવારથી જ ભક્તો માટે અન્નકૂટ દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે સૌ ભક્તોને શ્રી ખોડિયાર જયંતીની શુભેચ્છા પાઠવી હતી. આ અવસરે મા ખોડલને વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટી વિમલભાઈ પાદરીયા દ્વારા ચાંદીના બાઉલમાં છપ્પન ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સાથે જ પરિસરની યજ્ઞશાળામાં હવન કરવામાં આવ્યો હતો ત્યારબાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અલૌકિક વિશાળ રંગોળી બનાવવામાં આવી હતી. આ ઉપરાંત સમગ્ર દિવસ મંદિરે આવતા શ્રદ્ધાળુઓ રાસ-ગરબા રમીને મા ખોડલની આરાધના કરી શકે તે માટે પરિસરમાં રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી),સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના (૧) મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૧૩૯ ની ખેતીના માલીક શ્રી મધુભાઈ અરજણભાઈ વાડદોરીયા ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૭ પૈકી ૧, ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૧-૬૩-૯૦ આકાર-૫.૧૧ વાળી ખેતીની જમીન આવેલ છે. (૨) મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૩૪૨ ની ખેતીના માલીક શ્રી હંસાબેન વલ્લભભાઈ વાડદોરીયા ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૭ પૈકી ૨,ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧-૮૦-૦૯ આકાર-૫.૬૭ વાળી ખેતીની જમીન આવેલ છે. (૩) મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૩૩૪ ની ખેતીના માલીક શ્રી બાબુભાઈ અરજણભાઈ વાડદોરીયા ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૭ પૈકી ૨/ પૈકી ૧, ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૧-૮૦-૦૯ આકાર-૫.૬૦ વાળી ખેતીની જમીન આવેલ છે. (૪) મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૩૩૫ ની ખેતીના માલીક શ્રી ગુજ.ગોરધનભાઈ અરજણભાઈ વાડદોરીયા ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૭ પૈકી ૨/ પૈકી ૩, ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૧-૮૧-૧૦ આકાર-૫.૭૦ વાળી ખેતીની જમીન આવેલ છે, પરંતુ તેનુ મરણ થતા તેના સીધીલીટીના વારસદારો-હંસાબેન ગોરધનભાઈ વાડદોરીયા વિગેરે-૩ ની હકપત્રકે વારસાઈ નોધ નં.૨૨૬૯, તા.૪/૧/૨૦૨૫ થી પડેલ છે અને આ નોંધની સ્થિતિ કાચી છે. (૫) મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૧૩૯ ની ખેતીના માલીક શ્રી મધુભાઈ અરજણભાઈ વાડદોરીયા ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૮ પૈકી ૨, ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૧-૫૯-૮૫ આકાર-૫.૦૧ વાળી ખેતીની જમીન આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીન ક્રમ નં.(૧) એકસીસ બેંક સુરત નો રૂ.૧૬,૧૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. ક્રમ નં.(૨) શ્રી સનાળીયા સેવા સહકારી મંડળી લી.નો રૂ.૧૦,૩૫,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. ક્રમ નં.(૩) એસ.બી.એસ લીલીયા શાખાનો બોજો રૂ.૧,૦૦,૦૦૦/- તથા એસ.બી.આઈ લીલીયા શાખાના અંકે રૂ.૨,૦૦,૦૦૦/- ના તારણમાં નોંધાયેલ છે. ક્રમ નં.(૪) એસ.બી.આઈ લીલીયા મોટા શાખાના અંકે રૂ.૩,૦૦,૦૦૦/-ના તારણમાં નોંધાયેલ છે. ક્રમ નં.(૫) એકસીસ બેંક સુરત નો રૂ.૧૬,૧૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીન ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર,ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા, પંચાયત વિભાગમા, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) મા અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મારા અસીલની સુચના અને ફરમાઈશથી....**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**ઠે.પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, જિ.અમરેલી**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ :- લીલીયા**
**તારીખ :-૫/૨/૨૦૨૫**

# ધોરાજીનાં વેગડી ગામે ખોડિયાર જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

ધોરાજી,તા.૦૫



ધોરાજીનાં વેગડી ગામે કાળા ઘુનાવાળી આઈ શ્રી ખોડિયાર માતાજી મંદિર ખાતે ખોડિયાર જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ નિમિત્તે ધ્વજારોહણ, આરતી, પૂજન અર્ચન, દાંડીયારાસ, ભોજન પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા મંદિરના મહંત શ્રી જગદીશબાપુ હરિયાણી તેમજ સેવકોએ જહેમત ઉઠાવી હતી.

# ઉના વિજય પબ્લિક સ્કૂલ ખાતે કરાટે ચેમ્પિયનશિપનું આયોજન



ઉના, તા.૦૫

ગીર સોમનાથ જિલ્લામાં વિજય પબ્લિક સ્કૂલ ઉના ખાતે તાજેતરમાં કરાટે ચેમ્પિયનશિપનું આયોજન ગુજરાત વાડોકાઈ કરાટે એસોસિએશન અને કરાટે સ્પોર્ટ એસોસિએશન બાય એકતા આર્ટ એકેડેમી ઉના દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૮થી ૧૦ સ્કૂલના ૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગર્લ્સ વિભાગમાં રીવા વી. બામરોટીયા, જીયા એસ. નિમાવત અને નિષ્ઠા ડી. ખાલપડાએ ૧, ૨, ૩ ક્રમ મેળવ્યા હતા. બોયઝ વિભાગમાં હેત જી. ઝાલેરા, પૂર્વાંશ સી. નંદાણીયા અને દીવ્યાંશ બી. શાહ પ્રથમ ત્રણ સ્થાન પર રહ્યા હતા. સર્ટિફિકેટ વિનર્સમાં દેવ એચ. નિમાવત, હિત એચ. સોરઠીયા અને વારીસ એમ. કાદરીનો સમાવેશ થાય છે. મહેમાનોમાં ગીર સોમનાથ ડિસ્ટ્રીક્ટ ચીફ સેન્સઈ જય ભરાડ તેમજ ભાવનગર ડિસ્ટ્રક્ટ ચીફ સેન્સઈ નિતીત ગોહિલ વગેરેએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને ટ્રોફી આપી સમાનિત કર્યા હતા.


**સંકુલ MA - M.Com - M.Sc. ગર્લ્સ કોલેજ પ્રવેશ**
**સંકુલ MA - M.Com - M.Sc. બોયઝ કોલેજ પ્રવેશ**

- ★ MA ઈંગ્લીશ – MA સાયકોલોજી – MA સોસીયોલોજી – રેગ્યુલર કોલેજ
- ★ M.Com ગુજરાતી મિડીયમ – M.Com ઈંગ્લીશ મિડીયમ – રેગ્યુલર કોલેજ
- ★ M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેક્નોલોજી – રેગ્યુલર કોલેજ
- ★ ગર્લ્સ કોલેજ – રેગ્યુલર ચાલે છે – ઉચ્ચ પરિણામ લાવે છે – બોયઝ સેઈમ ચાલશે.
- ★ બોયઝ કોલેજ – અલગ કમ્પાઉન્ડ & બિલ્ડીંગ – અલગ Entry - Exit

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ–ચક્કરગઢ રોડ અમરેલી - Ad 109


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૬૬/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. સંચાણીયા દિનેશભાઈ ભીમાભાઈ
રહે. મુ.દોલતી તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી દોલતી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **સંચાણીયા તનીશા દિનેશભાઇનો જન્મ તા.૨૨/૦૫/૨૦૦૬** ના રોજ મુ.દોલતી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી અરજી નં.૨૬૭/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. ડોબરીયા રેખાબેન ગનાભાઈ વાઈફ ઓફ હરખાણી પ્રફુલભાઈ
રહે. ૪૪, યોગીધારા સોસાયટી, સમર્પણ હોસ્પીટલની બાજુમા સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી જુનાસાવર, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **ડોબરીયા રેખાબેન ગનાભાઇનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦** ના રોજ મુ.જુના સાવર તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ લોકોને સારવાર : જે.પી. નડ્ડા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫



કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંબંધિત મહત્વપૂર્ણ માહિતી શેર કરી છે. સરકારે જણાવ્યું છે કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી. આયુષ્માન ભારત યોજના હેઠળ, સરકારી હોસ્પિટલોમાં ૪.૨ કરોડ અને ખાનગી હોસ્પિટલોમાં ૪.૩ કરોડ સારવાર કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ અને રાષ્ટ્રીય રાજધાની સિવાય દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ યોજનામાં જોડાયા છે. નડ્ડાએ જણાવ્યું હતું કે એબી પીએમજેએવાય ટ્રસ્ટ મોડ, વીમા મોડ અને હાઈબ્રિડ મોડ દ્વારા લાગુ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે હાલમાં આ યોજના ૨૫ રાજ્યોમાં ટ્રસ્ટ માધ્યમ દ્વારા, સાત રાજ્યોમાં વીમા માધ્યમ દ્વારા અને બે રાજ્યોમાં હાઈબ્રિડ માધ્યમ દ્વારા લાગુ કરવામાં આવી રહી છે. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની એક મહત્વપૂર્ણ યોજના છે. આ યોજના હેઠળ, લોકોને પ્રતિ પરિવાર દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો આપવામાં આવે છે. દેશમાં આ યોજનાના લગભગ ૫૫ કરોડ લાભાર્થીઓ છે. આ યોજના હેઠળ ૧૨.૩૭ કરોડ પરિવારોને લાભ મળી રહ્યો છે. આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું છે કે તાજેતરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ૭૦ વર્ષથી વધુ ઉંમરના છ કરોડ વરિષ્ઠ નાગરિકો સુધી લંબાવવામાં આવી છે.

# અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયો સ્વદેશ પરત : સૌથી વધુ ગુજરાતી

(એચ.એસ.એલ),અમૃતસર,તા.૫

અમેરિકાથી ભારત મોકલવામાં આવેલા ૧૦૪ લોકોને લઈને એક અમેરિકન વિમાન પંજાબના અમૃતસરમાં ઉતર્યું હતું. આમાંના મોટાભાગના લોકો ગુજરાત, પંજાબ અને હરિયાણાના રહેવાસી છે. અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈ જતું અમેરિકન આર્મીનું વિમાન બપોરે ૧ વાગ્યે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું હતું. વિમાનમાં ગુજરાતના ૩૩, પંજાબના ૩૦, યુપીના ત્રણ, હરિયાણાના ૩૩, ચંદીગઢના



બે અને મહારાષ્ટ્રના ત્રણ લોકો સવાર હતાં. અમૃતસર પોલીસે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એવિએશન ક્લબ તરફ જતા રસ્તાને બેરિકેડ કરી દીધા હતા અને સુરક્ષા વધારી દીધી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવતા ભારતીયોને પહેલા એવિએશન ક્લબમાં લાવવામાં આવ્યા હતાં જ્યાં તેમની સંપૂર્ણ પૃષ્ઠભૂમિની તપાસ કરવામાં આવી અને તેમના સંપૂર્ણ ગુનાહિત રેકોર્ડ અને ઈમિગ્રેશન રેકોર્ડની તપાસ કર્યા પછી જ તેમને જવાની મંજૂરી આપવામાં આવી હતી. આ દેશનિકાલ કરાયેલા લોકો જે રાજ્યોના છે તે રાજ્યોના સત્તાવાળાઓને પણ તેમના આગમન વિશે જાણ કરવામાં આવી છે.

# ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિન્હાએ યુનિફોર્મ સિવિલ કોડને દેશની જરૂરિયાત ગણાવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ શત્રુઘ્ન સિંહાએ પોતાના એક નિવેદનથી લોકોને ચોંકાવી દીધા છે. તેમણે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની હિમાયત કરી છે અને કહ્યું છે કે તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે. શત્રુઘ્ન સિંહાએ ઉત્તરાખંડમાં લાગુ કરાયેલ સમાન નાગરિક સંહિતાની પણ પ્રશંસા કરી છે. શત્રુઘ્ન સિંહાનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ગુજરાતમાં પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. જેની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ રંજના દેસાઈ કરશે. રંજના દેસાઈએ ઉત્તરાખંડમાં અમલી યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. સંસદની બહાર વાત કરતા ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યું, ''ઉત્તરાખંડમાં જે બન્યું છે, પ્રથમ દૃષ્ટિએ આપણે બધા કહીએ છીએ, તે પ્રશંસનીય છે પણ સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ, તે કોઈપણ દેશમાં હોવી જોઈએ અને તમામ દેશવાસીઓ તેની સાથે સંમત થશે.''

# છૂટાછેડાના કિસ્સામાં બીજી વખતના લગ્નમાં પણ ભરણપોષણ ખર્ચ ચુકવવો પડશે : સુપ્રીમ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

બીજા લગ્નમાં પત્નીથી છૂટાછેડાના કિસ્સામાં, શું ભરણપોષણ ખર્ચ ચૂકવવો પડશે, તે પણ જ્યારે પહેલા લગ્નનો મામલો કોર્ટ દ્વારા ઉકેલાયો નથી? દેશની સુપ્રીમ કોર્ટે આ પ્રશ્નનો જવાબ શોધી કાઢ્યો છે. એક કેસમાં ચુકાદો આપતી વખતે કોર્ટે કહ્યું છે કે જો બીજા લગ્નમાં પણ છૂટાછેડા થાય છે, તો પતિએ ભરણપોષણનો ખર્ચ ચૂકવવો પડશે. અહેવાલ મુજબ, તેલંગાણાના એક કેસમાં ચુકાદો આપતી વખતે, જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કહ્યું છે કે



જો બીજી પત્ની પાસેથી છૂટાછેડા લેવામાં આવે છે, તો ભરણપોષણ આપતી વખતે, પહેલા લગ્નનો કેસ હજુ પણ કોર્ટમાં પેન્ડિંગ છે તે બહાનું સ્વીકારવામાં આવશે નહીં. કોર્ટે કહ્યું છે કે જો પહેલા લગ્ન વાતચીતના આધારે સમાપ્ત થયા હોય, તો તેનો બીજા લગ્ન સાથે કોઈ સંબંધ નથી. કોર્ટની કાર્યવાહી ભરણપોષણના નાણાંને અસર કરી શકતી નથી. તેલંગાણાની રહેવાસી ઉષા રાનીના લગ્ન વર્ષ ૧૯૯૯ માં એમ શ્રીનિવાસ સાથે થયા હતા. આ બંનેના બીજા લગ્ન હતા. લગ્નના એક વર્ષ પછી, તેમને એક પુત્ર થયો, પરંતુ ૨૦૦૫ માં, કેટલાક કારણોસર તેમને છૂટાછેડા લેવા પડ્યા. ઉષા રાનીએ ભરણપોષણ માટે ફેમિલી કોર્ટનો સંપર્ક કર્યો, પરંતુ પહેલી પત્નીનો કેસ કોર્ટમાં પેન્ડિંગ હોવાથી તેમને રાહત મળી નહીં.

# શિંદેના જૂથે વર્ષા બંગલામાં તાંત્રિક પ્રવૃત્તિઓ કરી હતી : સંજય રાઉત

ધમુંબઈ,તા.૫

મહારાષ્ટ્રના રાજકારણમાં કાળો જાદુ ગરમાવો લાવી રહ્યો છે. કારણ એ છે કે સંજય રાઉતે વર્ષા બંગલા અંગે કાળા જાદુનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે. શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતે દાવો કર્યો હતો કે મુખ્યમંત્રી એકનાથ શિંદેના જૂથે વર્ષા બંગલામાં કામાખ્યા માતા સંબંધિત તાંત્રિક પ્રવૃત્તિઓ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે બંગલાના આંગણામાં ભેંસના શિંગડા દાટવામાં આવ્યા છે, જેના કારણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ત્યાં રહેવાનું ટાળી રહ્યા છે. જોકે, શિંદે જૂથ અને ભાજપે આ દાવાઓને વાહિયાત, પાયાવિહોણા અને અંધશ્રદ્ધા ફેલાવનારા ગણાવ્યા છે. મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બની ત્યારથી એક પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હજુ સુધી વર્ષા બંગલામાં કેમ નથી ગયા? આ સરકારી નિવાસસ્થાન દરેક મુખ્યમંત્રી માટે અધિકૃત છે, પરંતુ ફડણવીસ અત્યાર સુધી ત્યાં રહેવાનું ટાળી રહ્યા છે. આ મુદ્દે શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે એક સનસનાટીભર્યો દાવો કર્યો છે.

# ઝારખંડમાં સરકારી કર્મચારીઓ સોશ્યલ મીડિયામાં ગમેતેવી પોસ્ટ શેર કરી શકશે નહી

(એચ.એસ.એલ),રાંચી,તા.૫

ઝારખંડમાં સરકારી કર્મચારીઓ માટે એક નવો આદેશ જારી કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે તેમના માટે નવા નિયમો જારી કરવામાં આવ્યા છે. હવે કર્મચારીઓને ઝારખંડ સરકારના કર્મચારી વિભાગ દ્વારા જારી કરાયેલા નિયમોના દાયરામાં પોસ્ટિંગ આપવાનું રહેશે. ઝારખંડ સરકારના કર્મચારી વહીવટી સુધારા અને રાજ્ય ભાષા વિભાગ દ્વારા તમામ રાજ્ય સરકારી કર્મચારીઓ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મના




ઉપયોગ અંગે નવા નિયમો જારી કરવામાં આવ્યા છે. હવે બધા સરકારી કર્મચારીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કંઈપણ પોસ્ટ કરતા પહેલા કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડશે. જેમ કે કંઈક પોસ્ટ કરતી વખતે કે લખતી વખતે સૌમ્ય રહેવું, શિષ્ટાચાર જાળવવો અને વાંધાજનક, ભેદભાવપૂર્ણ કે રાજકીય કંઈપણ પોસ્ટ ન કરવું. આ બાબતોનું ધ્યાન રાખવું પડશે. ઉપરાંત, સરકારી કર્મચારી હવે કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતી પોસ્ટ લખી શકશે નહીં. આ ઉપરાંત, એવું કહેવામાં આવ્યું છે કે કર્મચારીઓ તેમની પોસ્ટમાં સરકારની નીતિઓની ટીકા કરશે નહીં કે સોશિયલ મીડિયા પર ચર્ચામાં ભાગ લેશે નહીં.

# કચ્છા બનિયન ગેંગ અને યુટ્યુબર્સે મહાકુંભ દરમિયાન ભાગદોડનું કાવતરુ કર્યાની આશંકા

(એચ.એસ.એલ),પ્રયાગરાજ,તા.૫

પ્રયાગરાજના સંગમ શહેરમાં થયેલી ભાગદોડની તપાસ હજુ પણ ચાલુ છે. આ દરમિયાન, અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરી તરફથી એક મોટું નિવેદન આવ્યું છે. તેમણે કચ્છા બનિયન ગેંગ અને યુટ્યુબર્સ પર નાસભાગનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. કહ્યું કે મામલો ખૂબ જ ગંભીર છે. આ બંને ગેંગ સામે તપાસની જરૂર છે. ૨૮ જાન્યુઆરીના રોજ, મૌની અમાવસ્યાની રાત્રે, લગભગ ૧.૩૦ વાગ્યે, સંગમ નાક પર થયેલી નાસભાગમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દરમિયાન, ભાગદોડ સંબંધિત કેટલાક વીડિયો પણ સોશિયલ મીડિયા પર દેખાવા લાગ્યા. આવા જ એક વીડિયોમાં, ફક્ત અન્ડરવેર અને વેસ્ટ પહેરેલા ગુંડાઓ વિશે ચર્ચા શરૂ થઈ. હવે અખિલ ભારતીય અખાડા પરિષદે



આમાં ષડયંત્રની શંકા વ્યક્ત કરી છે અને તપાસની માંગ કરી છે. નાસભાગની ઘટનામાં ન્યાયિક પંચ, પોલીસ અને એસટીએફ દ્વારા ત્રિ-સ્તરીય તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એક તરફ, ત્રણ સભ્યોની ન્યાયિક સમિતિ તેની તપાસ કરી રહી છે, તો બીજી તરફ, પોલીસ અને એસટીએફ પણ સત્ય શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વીડિયોના આધારે, અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીએ આશંકા વ્યક્ત કરી છે કે ફક્ત અન્ડરવેર અને વેસ્ટ પહેરેલા ગુંડાઓની આ ઘટનામાં કોઈ ભૂમિકા છે.

# બાંગ્લાદેશે સરહદ પર ગેરકાયદેસર બાંધકામ શરૂ કરતાં બીએસએફ એકશન મોડમાં

નવીદિલ્હી,તા.૫

ચીન પોતાના કૃત્યોનું પુનરાવર્તન કરવાનું ચાલુ રાખે છે અને ઘણીવાર આંતરરાષ્ટ્રીય સરહદ પર ગેરકાયદેસર બાંધકામ કરે છે. હવે બાંગ્લાદેશે પણ એ જ કામ શરૂ કર્યું છે, જેના કારણે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) એક્શનમાં આવી ગયું છે અને ફિલ્ડ કમાન્ડરોને કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, બીએસએફએ ૪,૦૯૬ કિલોમીટર લાંબી ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત તેના ફિલ્ડ કમાન્ડરોને નિર્દેશ આપ્યો છે કે તેઓ પડોશી દેશના નાગરિકો અથવા સરહદ દળ દ્વારા સરહદ પર કોઈપણ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે તો 'કડક કાર્યવાહી' કરે. ૪-૫ ફેબ્રુઆરીની રાત્રે, 'ભારે હથિયારોથી સજ્જ' બાંગ્લાદેશી બદમાશોનું એક જૂથ દક્ષિણ દિનાજપુર જિલ્લાના સરહદી ગામમાં 'ગેરકાયદેસર રીતે' ઘૂસી ગયું અને બીએસએફ ટીમ પર 'હુમલો' કર્યો હતો. આ હુમલામાં એક સૈનિક અને એક બાંગ્લાદેશી વ્યક્તિ ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'ગુનેગારો દાણચોરી અને લૂંટ માટે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા હતા.'

# નેપાળમાં ૪.૪ ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા : લોકોમાં ડરનો માહોલ


કાઠમંડુ,તા.૫

ભારતના પાડોશી દેશ નેપાળમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપના આંચકા પશ્ચિમ નેપાળના દૈલેખ જિલ્લામાં આવ્યા હતા.આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી. અધિકારીઓએ ભૂકંપ વિશે માહિતી આપી હતી. જોકે, આ ભૂકંપ પછી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી. ભૂકંપના કારણે લોકો પોતાના ઘરની બહાર નીકળી આવ્યા હતા. રાષ્ટ્રીય ભૂકંપશાસ્ત્રીય કેન્દ્ર અનુસાર, ૪.૪ ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર દૈલેખ જિલ્લાના તોલીજૈસીમાં હતું. આ ભૂકંપના આંચકા પડોશી જિલ્લાઓ અછામ, કાલિકોટ અને સુરખેતમાં પણ અનુભવાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે દૈલેખમાં સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૨૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

# ગાજા પટ્ટીનું પુનઃનિર્માણ કરવાની ડોનાલ્ડ ટ્રમ્પે ઈચ્છા વ્યક્ત કરી

વોશિગ્ટન,તા.૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા ગાઝાની માલિકી લે અને ગાઝાનું પુનર્નિર્માણ કરે. ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું કે અમે ગાઝાની માલિકી લેવા માંગીએ



છીએ, ત્યારબાદ ગાઝામાં હાજર ખતરનાક બોમ્બ અને અન્ય શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી અમારી રહેશે. અમેરિકા નાશ પામેલા અથવા જર્જરિત ઈમારતોનું પુનર્નિર્માણ કરશે અને ગાઝામાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. આનાથી ગાઝામાં લોકોને રોજગાર અને ઘર મળશે. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે જો ગાઝાના પુનર્નિર્માણમાં અમેરિકન સેનાની જરૂર પડે તો તેઓ ગાઝામાં સેના તૈનાત કરવાનું વિચારી શકે છે. ટ્રમ્પે કહ્યું કે જો તે જરૂરી બનશે તો અમે તે કરીશું.

# પાકિસ્તાનમાં ૮ ફેબ્રુઆરીથી શરૂ થનારી ત્રિકોણીય ક્રિકેટ શ્રેણી માટે સુરક્ષા વધારાઈ

(એચ.એસ.એલ),લાહોર,તા.૫

પાકિસ્તાનમાં ૮ ફેબ્રુઆરીથી શરૂ થનારી ત્રિકોણીય ક્રિકેટ શ્રેણી પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમોની સુરક્ષા મજબૂત કરવા માટે લાહોરમાં સેનાના જવાનો અને રેન્જર્સ તૈનાત કરવામાં આવશે. જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટીએ તે જ દિવસે વિરોધ કૂચનું આયોજન કર્યું છે. 'ગૃહ મંત્રાલયે ૫ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન લાહોરમાં યોજાનારી ત્રિકોણીય ક્રિકેટ શ્રેણી માટે ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમોની સુરક્ષા માટે પાકિસ્તાન





સેના અને રેન્જર્સને તૈનાત કરવાની મંજૂરી આપી છે.' મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું. ઈમરાન ખાન ૨૦૨૩ થી રાવલપિંડીની અદિયાલા જેલમાં અનેક કેસોમાં બંધ છે અને ફેબ્રુઆરી ૨૦૨૪ માં સામાન્ય ચૂંટણીઓથી વર્તમાન સરકાર અને ખાનની પાર્ટી સાથે તેમના મતભેદ ચાલી રહ્યા છે. ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફએ પહેલાથી જ જાહેરાત કરી છે કે તે ૮ ફેબ્રુઆરીને 'કાળા દિવસ' તરીકે ઉજવશે અને આ દિવસે લાહોરમાં ઐતિહાસિક મિનાર-એ-પાકિસ્તાન ખાતે વિરોધ રેલીનું આયોજન કરશે. ગયા વર્ષે ૮ ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી અને પીટીઆઈ આરોપ લગાવી રહી છે કે ચૂંટણીમાં તેમની પાર્ટીને આપવામાં આવેલા જનાદેશમાં છેડછાડ કરવામાં આવી છે.

# સોનુ સૂદે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને મળી ચાર એમ્બ્યુલન્સનું દાન કર્યું

હૈદરાબાદ,તા.૫

બોલિવૂડ અભિનેતા સોનુ સૂદ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને મળ્યા અને રાજ્યમાં આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવા માટે ચાર એમ્બ્યુલન્સનું દાન કર્યું. અભિનેતાએ સૂદ ચેરિટી ફાઉન્ડેશનને આપેલા સમર્થન બદલ સીએમ નાયડુનો આભાર માન્યો અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સોનુ સૂદે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સાથેની તસવીરોની શ્રેણી શેર કરી જેમાં તે મુખ્યમંત્રીનું સ્વાગત કરતા અને તેમની સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. અભિનેતાએ કેપ્શનમાં લખ્યું, 'જીવન બચાવવા



માટે એમ્બ્યુલન્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આંધ્રપ્રદેશ રાજ્યને ચાર એમ્બ્યુલન્સનું દાન કરીને દર્દીઓને સમયસર સારવાર પૂરી પાડવાની આ સફર શરૂ કરીને મને આનંદ થાય છે. સ્વસ્થ ભારત તરફ કામ કરવાના અમારા પ્રયાસો ચાલુ રાખવા માટે સમર્થન અને માર્ગદર્શન આપવા …લ ચંદ્રબાબુ નાયડુ સરનો હૃદયપૂર્વક આભાર.' સોનુ સૂદને મળ્યા બાદ સીએમ ચંદ્રબાબુ નાયડુએ પણ ખુશી વ્યક્ત કરી. તેમણે રાજ્યને ચાર એમ્બ્યુલન્સ દાન કરવા બદલ અભિનેતાનો આભાર માન્યો. મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર લખ્યું, સોનુ સૂદ, તમને મળીને આનંદ થયો અને સોનુ સૂદ ફાઉન્ડેશન દ્વારા આંધ્રપ્રદેશને એમ્બ્યુલન્સ દાન કરવા બદલ આભાર માન્યો.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૫

ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે. ત્યારે દર વખતની જેમ ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં જંગી બહુમતીથી જીતવા માટે ભાજપે પોતાનો એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે પોતાના પ્રચારકોના નામ જાહેર કરી દીધા છે.



જેમાં પાર્ટીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, નીતિન પટેલ, મનસુખ માંડવીયા, પરસોતમ રૂપાલાનો સમાવેશ કર્યો છે. કુલ ૨૦ નેતાઓના નામ સ્ટાર પ્રચારકોમાં સામેલ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં બીજેપીનો દબદબો રહ્યો છે. ગુજરાતમાં દરેક ચૂંટણીઓ આવે તેમાં બીજેપી પોતાની પકડ જાળવી રાખી છે. આ વખતે પણ ભારતીય જનતા પાર્ટી તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એડીચોટીનું જોર લગાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પાલિકા અને પંચાયતની ચૂંટણીઓ મામલે મંગળવારે એક મહત્વપૂર્ણ સમાચાર મળ્યા હતા. પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌથી મોટો દાવો કરાયો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. જેમાં ભાજપ તરફી ૨૧૫ બેઠકો બિનહરીફ થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ખાંભાના ખડાધાર નજીક ત્રિપલ અકસ્માતમાં બેનાં મોત : એકને ઈજા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ખડાધાર ગામ નજીક ઉના તરફથી આવી રહેલ બોલેરોએ બાઈક અને કારને ટક્કર મારતાં ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નિપજયા છે. અકસ્માતમાં મૃત્યુ પામનાર બંને વ્યક્તિઓમાં સાવરકુંડલા તાલુકાના મઢડા ગામના કાનાભાઈ વાલજીભાઈ ગિડા(ઉ.વ.૪૯) અને ગોસ્વામી ભરતગીરી



પ્રભાતગીરી(ઉ.વ.૩૫)ના કરૂણ મોત નિપજયા હતા. બનાવની વિગત જોઈએ તો ભરતગીરી તેમની પુત્રીના લગ્નની કંકોત્રી વહેંચવા માટે નીકળ્યા હતા. ભરતગીરીના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. આ બનાવમાં ખાંભાના રહેવાસી રૂડાભાઈ સાતાભાઈ મેવાડાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જ્યા બાદ બોલેરો ચાલક ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. ખાંભા પોલીસે ફરાર આરોપીને પકડવા તપાસ હાથ ધરી છે.

# કુદરતી હોનારતમાં મૃત્યુ મામલે ગુજરાત દેશમાં ચોથા ક્રમે

અમદાવાદ,તા.૫


ગુજરાતમાં એક વર્ષમાં ૨૩૦ વ્યક્તિઓએ કુદરતી હોનારતમાં જીવ ગુમાવ્યા છે. કુદરતી હોનારતમાં એક વર્ષમાં સૌથી વધુ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને છે. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં સૌથી વધુ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હોય તેવા રાજ્યોમાં હિમાચલ પ્રદેશ ૪૦૮ સાથે ટોચ પર છે. જ્યારે મધ્ય પ્રદેશ ૩૭૩ સાથે બીજા, કેરળ ૩૫૫ સાથે ત્રીજા, ગુજરાત ચોથા જ્યારે મહારાષ્ટ્ર ૨૦૬ સાથે પાંચમાં સ્થાને છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક તાલુકામાં સરેરાશ કરતાં ૩ થી ૪ ગણો વરસાદ નોંધાયો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં કુદરતી હોનારતમાં ૭,૨૨૨ પશુના પણ મૃત્યુ થયા હતા, જ્યારે ૨૦,૭૪૧ ઘરને પણ નુકસાન થયું હતું. કુદરતી હોનારતથી સૌથી વધુ પશુના મૃત્યુ થયા હોય તેમાં આસામ ૧૬,૨૦૭ સાથે મોખરે, તેલંગાણા ૧૩,૪૧૨સાથે બીજા, તામિલનાડુ ૮૫૧૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત ચોથા સ્થાને છે.

# ગાંધીનગરમાં લોન પાસ કરાવવા લાંચ લેતા બે કર્મચારીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૫

ગાંધીનગરમાં વાહનની સબસિડી લોન માટે લાંચ લેતા ૨ સરકારી કર્મચારીઓને એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ઝડપી પાડ્યા છે. ઈન્ચાર્જ મદદનીશ કમિશનર અને પ્યુન લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. ફરિયાદી પાસેથી ૪ હજારથી વધુની લાંચ માંગવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, ફરિયાદીને વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ઈકો ગાડી ખરીદવા સારૂ રૂ.





૭.૭૪ લાખની સબસિડી લોન લેવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે સંપર્ક કરતા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પટાવાળા પ્રવિણભાઈ મણીલાલ શ્રીમાળીએ ફરિયાદીનું ઓનલાઈન ફોર્મ ભરવાના, લોન ઝડપથી મંજૂર કરાવી આપવાના અવેજ પેટે રૂ. ૪૨૦૦/-ની લાંચની માંગણી કરી હતી. મૌલિક પટેલ અને પ્રવીણ શ્રીમાળી નામના ૨ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગરના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલના પટાવાળાએ ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના નાણાં સ્વીકાર્યા હતા. આરોપી પટાવાળાએ સ્વીકારેલ નાણાં બાબતે આરોપી મૌલિક મહેન્દ્રભાઈ પટેલ ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ (ઈન્ચાર્જ મદદનીશ કમિશનર) એ સહમતી દર્શાવી બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરતા બન્ને આરોપીઓ પકડાઈ ગયા હતા.

# મહેસાણામાં વિદેશ ગયેલ શિક્ષિકાને બરતરફ કરાયા

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૫

મહેસાણામાં વિદેશ ગયેલ શિક્ષિકાને બરતરફ કરી દેવાયા છે. વિદેશ ગયેલ શિક્ષિકાએ નોટિસનો જવાબ પણ આપ્યો નથી. મહેસાણાના જોરનંગ પ્રાથમિક શાળાની શિક્ષિકાને બરતરફ કરવામાં આવ્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિના સમયગાળામાં બાંયધરી આપી હતી. તેમણે કોઈ અગમ્ય કારણોસર ગેરહાજર નહીં રહેવા બાંયધરી આપી હતી. તેમણે પોતે બાંયધરી આપી હોવા છતાં પણ કોઈ પણ જાતની મંજૂરી વગર વિદેશ ગયા હતા. શિક્ષિકા મીનાબેન પટેલ કોઈપણ પ્રકારની મંજૂરી વગર વિદેશ ગયા હતા. તેઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ગેરહાજર હતા. તેમણે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગી હતી. તેઓ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩થી જાણ કર્યા વગર વિદેશ જતાં રહ્યા હતા. તેમને છ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંતિમ નોટિસ આપવામાં આવી હતી. તેમણે ખુલાસો મોકલવા માટે ઈમેઈલ મારફતે ત્રણ માસનો સમય માંગ્યો હતો.

# સુરેન્દ્રનગરમાં શર્મસાર કિસ્સો : ૭૭ વર્ષની વૃદ્ધા સાથે દુષ્કર્મ

(એચ.એસ.એલ),સુરેન્દ્રનગર,તા.૫

મહિલાઓ માટે સુરક્ષીત માનવામાં આવતા ગુજરાતમાં પણ હવે દિવસે દિવસે દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે માનવતાને શર્મસાર કરતી ઘટના સુરેન્દ્રનગરમાં બની છે. સુરેન્દ્રનગરમાં ૭૭ વર્ષની વૃદ્ધા સાથે દુષ્કર્મની ઘટના બનતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી છે. ઘટના એવી છે કે મહિલાના મકાનમાં જ નરાધમે દુષ્કર્મ આચર્યું હતું. નરાધમ મકાનનાં નળિયા તોડી




ઘરમાં ઘુસ્યો હતો. વૃદ્ધાને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. જો કે પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ અગાઉ બોટાદમાં સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. અભ્યાસ માટે જતી સગીરાની પાછળ પડી આરોપી સગીરાને હેરાન કરતો હતો. સગીરાને ધાક-ધમકી આપી તેના સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યુ હતું. સમગ્ર ઘટનાની જાણ સગીરાના પિતાને થતા તેમણે ફરિયાદ નોંધાવી હતી. જો કે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો.

# કેશોદમાં કાર વૃક્ષ સાથે અથડાતા બે લોકોના મોત : બે ગંભીર રીતે ઘાયલ

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૫

રાજ્યમાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મળતા અહેવાલ પ્રમાણે કેશોદના અગતરાય રસ્તા પર કાર વૃક્ષ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. કારમાં ૪ લોકો સવાર હતા. લગ્ન પ્રસંગમાં આવેલા લોકો મધરાત્રે હાઈવે નજીક નાસ્તો કરવા જઈ રહ્યાં હતા તે દરમિયાન આ અકસ્માત થયો હતો. ભારે જહેમત



બાદ કારના પતરા કાપીને મૃતદેહોને અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દુર્ઘટનાસ્થળ પર પહોંચ્યો હતો. મૃતદેહોને પીએમ અર્થે મોકલ્યા હતા.

# બાપુનગરમાં ૧૦ વર્ષના બાળકની પિતાએ જ નિર્મમ હત્યા કરતા ચકચાર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૫

અમદાવાદના બાપુનગરમાં સગા બાપે દીકરાની નિર્મમ રીતે હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. અમદાવાદનાં બાપુનગર વિસ્તારમાં રહેતા શખ્સે પોતાના ૧૦ વર્ષીય દીકરા ઓમને પાણીમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પીવડાવી દેતા બાળકનું મોત નિપજ્યું હતું. હત્યા બાદ પિતા ફરાર થઈ ગયો હતો. ત્યારે આ બાબતે પોલીસને જાણ થતા



પોલીસે હત્યારા પિતાને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતો ઓમ (ઉ.વર્ષ.૧૦) ઘરે હતો ત્યારે તેના પિતાએ પાણીમાં ઝેર મેળવીને પીવડાવી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. થોડા સમય પહેલા સરખેજના ભૂવા નવલસિંહે પણ આવી જ મોડસ ઓપરેન્ડીથી હત્યા કરી નાખી હતી. તે જ રીતે આરોપી પિતાએ પોતાના દીકરાને પાણીમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પીવડાવ્યું હતું. આ સમગ્ર મામલે બાપુનગર પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાત નગરપાલિકામાં ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનના કામમાં ૨ કરોડનું કૌભાંડ : પૂર્વ પ્રમુખ સામે કાર્યવાહી

ખંભાત, તા.૦૫

ખંભાત નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના હેઠળ થયેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. ૨૦૧૭માં ભાજપના શાસનકાળ દરમિયાન તત્કાલીન પ્રમુખ યોગેશ ઉપાધ્યાય અને કારોબારી સમિતિના અધ્યક્ષે વાપીના મહેશ કન્સ્ટ્રક્શનને ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનના સમારકામ અને સફાઈનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. શરૂઆતમાં માસિક રૂ. ૨,૩૪,૮૬૪ના દરે વાર્ષિક ૨૮ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાયો





હતો. જૂન ૨૦૨૦માં કોઈપણ ટેન્ડર પ્રક્રિયા વગર જ ૩૦% વધારા સાથે કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવામાં આવ્યો હતો. છેલ્લા ૬ વર્ષમાં માત્ર મરામત, સફાઈ અને વીમા પેટે ૨ કરોડથી વધુની રકમ ચૂકવાઈ છે. જાગૃત નાગરિક અરુણભાઈ ગોહિલની ફરિયાદના આધારે વડોદરા ઝોનના પ્રાદેશિક કમિશનર એસ.પી. ભાગોરાએ તપાસ કરી હતી. તપાસમાં ગેરરીતિઓ સામે આવતા તેમણે પૂર્વ પ્રમુખ, કારોબારી ચેરમેન અને સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. વિશેષમાં, ૨૦૨૩માં કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયા બાદ પણ ૯ માસનું એક્સ્ટેન્શન આપીને વધારાના રૂ. ૨૧.૪૨ લાખ ચૂકવવામાં આવ્યા, જે નગરપાલિકાના નિયમોનું ઉલ્લંઘન છે. ઉલ્લેખનીય છે કે ખંભાત નગરપાલિકાના પૂર્વ સત્તાધીશો સામે અગાઉ પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે, પરંતુ કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી.

# રાજયમાં ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ મિલેટ મહોત્સવ યોજાશે

અમદાવાદ,તા.૫

મિલેટ્સના ઉપયોગ અંગે લોકોમાં જાગરૂકતા ફેલાવવાના સઘન પ્રયાસોના પરિણામે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' જાહેર કર્યું હતું. આજે ગુજરાત પણ જાડા અને બરછટ અનાજના ઉપયોગ અને વપરાશને પ્રોત્સાહન આપી રહ્યું છે અને તેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ મિલેટ્સ ઉત્પાદનો તેમજ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ સાત મ્યુનિસિપલ કોર્પોરેશનો- અમદાવાદ, જામનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટમાં યોજાશે, જેમાં રાજ્ય સ્તરનો



કાર્યક્રમ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત થશે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૧૫ વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે. આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલ અને રાજ્યકક્ષાના કૃષિમંત્રી બચુભાઈ ખાબડ પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં, મિલેટ્સનું ઉત્પાદન કરતા તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવતા રાજ્ય સ્તરના એફપીઓ સાથે સંકળાયેલા લગભગ ૧૦૦૦ ખેડૂતો, જાણીતા એનજીઓ અને રાજ્યના શહેરી નાગરિકો સામેલ થશે.







